Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

नो जव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । जाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनजिजापणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः । विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

जपमितिजवप्रपंच.

પુસ્તક ૨૫ મું. આશ્વિન સં. ૧૯૬૫. શાકે ૧૮૩૧. અંક ૭ મો.

ॐ अर्हं नमस्तत्त्वाय.

## उपदेशक पद.

જીવ તું શીદને ચિંતા કરે, કર્મને કરવું હોય તે કરે—એ રાગ.

અરે જીવ હર્ષ શોચ શો ધરે, દૈવને કરવું હોય તે કરે. એ ટેક.
થાવાનું તે નિશ્ચે થશે, લખ્યા લેખ નવ ફરે;
ચઢતી પડતી વારા ફરતી, ખેલ જગતનો ખરે. દૈવને૦ ૧
દશી વીશી જળ સ્થળ જીવની, ભરતી ઓટ અનુસરે;
ઉલટપલટ ગતિ કાળચક્રની, રાય રંક થઈ ફરે. દૈવને૦ ૨
ખમા ખમા પરિજન પોકારે, ફૂલ શય્યા પાથરે;
છપ્પનપર જ્યાં ભુંગલ વાગે, ત્યાં ખર ભુંકે ખરે. દૈવને૦ ૩
ગજ ઝુલે ને હય ખોંખારે, નોબત વાગે ઘરે;
વૈભવ જાતાં વાર ન લાગે, આત્મઘાત કરી મરે. દૈવને૦ ૪
દિનમાન પણ સરખો ન રહે, ઋતુ ઋતુ વધઘટ કરે;
સદા ન સરખા કોઈના દા'ડા, ગર્વ ન સમજુ ધરે. દૈવને૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુર કસુરનું ભોજન એક દિન, ભાજી એક અવસરે;
એક દિન ચઢવા સુંદર વાજી, એક દિન પાંડિથી ચરે. દેવને૦ ૬
સુખદુઃખ ઉદયે આવ્યું તે સહી, જ્ઞાની સમતા ધરે;
રોગ શોક ભય હીનતા ભાળી, મૂરખ મુંઝાઈ મરે. દેવને૦ ૭
સુખદુઃખ એ તો કર્મ તમાસા, નાટક નર નવ કરે;
એ નાટક દેખી શું રીઝો, વેષ વિવિધ જીવ ધરે. દેવને૦ ૮
સંપત્તિથી છલકાય નવ જ્ઞાની, વિપત્તિથી નવ ડરે;
...લ્યાણસૂરિ કહે આ વૈભવ, લક્ષ્મી કામ ન કરે. દેવને૦ ૯

---

# જ્ઞાનસારસૂત્ર સ્પષ્ટીકરણ.

## જ્ઞાન અષ્ટક (૫).

( અનુસંધાન પૃષ્ઠ ૧૭૬ થી. )

स्वभावलाभसंस्कार कारणं ज्ञानमिष्यते ॥
ध्यांध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ॥ ३ ॥

ભાવાર્થ—જેથી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય એવું સંસ્કારી જ્ઞાનજ ... ઇચ્છવા અને આદરવા યોગ્ય છે. આત્માને એકાંત હિતકારી આવ ...કારી તત્ત્વજ્ઞાન શિવાય બાકીનું જ્ઞાન તો માત્ર આડંબરરૂપજ છે, એવું શ્રીમદ્ ...ભદ્રસૂરિ પ્રમુખે શાસ્ત્રમાં ખુલ્લી રીતે કહ્યું છે, તે આગલા શ્લોકમાં સ્પષ્ટ કરી ...વવામાં આવશે.

વિવરણ—જે જ્ઞાનવડે અંતરની શુદ્ધિ થાય, કર્મમળ દૂર જાય, અને ...આદિ દોષો નાશ પામે તેને શાસ્ત્રકાર સમ્યગ્જ્ઞાન અથવા તત્ત્વજ્ઞાન કહે છે. જેથી ...ત્માનું સહજ સ્વરૂપ પ્રગટ થાય તે જ્ઞાનજ પ્રમાણ છે. બાકીનું જ્ઞાન માત્ર આડંબર... હોવાથી અપ્રમાણ છે. તત્ત્વજ્ઞાનને અભિનવદીપક અથવા અભિનવસૂર્ય ... કહ્યું છે. કેમકે તે અંતરનો અંધકાર દૂર કરવાને સમર્થ છે. જે જ્ઞાન ... છતાં રાગાદિ—અંધકાર દૂર થઈ શકે નહિ તેને શાસ્ત્રકાર તત્ત્વથી જ્ઞાન ... નથી. કેવળ આડંબરરૂપ અથવા બોજારૂપ હોવાથી તેને શાસ્ત્રકાર અજ્ઞાન ... કહે છે. એટલે તેનું મિથ્યાડંબરરૂપ અથવા કેવળ બોજારૂપ જ ... કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માનું સહજ સ્વરૂપ તો સ્ફટિક રત્નની જેવું નિર્મળ–નિષ્કલંક હોય છે; પરંતુ જેમ સ્ફટિક ઉપર રાતું કાળું ફૂલ મૂકવાથી તેનું મૂળ રૂપ બદલાઈને તે કેવળ રાતું કાળુંજ દેખાય છે, તેમ આત્માને પણ પુણ્ય પાપરૂપ કર્મઉપાધિ લાગવાથી તેનું સહજ સ્વરૂપ બદલાઇને રાગ દ્વેષ પરિણામ પ્રાપ્ત થાય છે, અને તેથીજ આત્મા રાગી દ્વેષી દેખાય છે, પણ ખરી રીતે તેનું મૂળ સ્વરૂપ જોતાં તે તેવો નથીજ. તે તો શુદ્ધ સ્ફટિકવત્ નિર્મળજ છે. ફક્ત ઉપાધિ સંબંધથી વ્યવહારમાં તેવો દેખાય છે. પરંતુ જો સ્ફટિક ઉપર મૂકેલું રાતું કે કાળું ફૂલ સમજીને દૂર કરી નાખવામાં આવે તો તે સ્ફટિક જેવું ને તેવું શુદ્ધ–નિર્મળ ભાસે છે. તેમ આત્માને પણ વિધ વિધ હેતુથી લાગેલી પુણ્ય પાપરૂપ કર્મઉપાધિ સમજીને યત્નથી દૂર કરવામાં આવે તો 'धर्माधर्मक्षयान्मोक्षः' પુણ્ય પાપરૂપ ઉપાધિનો સર્વથા નાશ થયાથી આત્માનું સહજ શુદ્ધ નિષ્કલંક સ્વરૂપ અનાયાસે પ્રગટ થવા પામે છે, એમાં કાંઇ પણ શંકા રાખવા જેવું નથી. પરંતુ ઉપાધિને ઉપાધિરૂપ સમજવીજ મુશ્કેલ છે; તેમ નહિં સમજાયાથીજ જીવ ઉપાધિને મોહવશ આદરી લે છે, જેમ ઝવેરીલોક રત્નપરીક્ષામાં કુશળ હોવાથી રત્ન સંબંધી સ્વરૂપ સારી રીતે જાણી શકે છે, તેવું અન્ય અકુશળ જાણી શકતા નથી, તેમ સદ્ગુરૂની સેવાવડે જેને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે તેજ ઉપાધિને ઉપાધિરૂપ યથાર્થ સમજી શકે છે, એવા તત્વજ્ઞાની જનોજ ઉક્ત ઉપાધિ યત્નથી દૂર કરી પોતાનું સહજ શુદ્ધ નિરૂપાધિક સ્વરૂપ પ્રગટ કરી શકે છે. જ્યારે આત્માને અનાદિની વળગેલી ઉપાધિને યથાર્થ ઓળખવામાં આવે છે ત્યારે તે ઉપાધિને લઇને પ્રાપ્ત થયેલા ગમે તેવા સમ યા વિષમ સંયોગોમાં તત્ત્વજ્ઞને મુંઝાવું પડતુંજ નથી. એવા તત્ત્વજ્ઞ પુરૂષો જે કંઇ પ્રવૃત્તિ કરે છે તે તત્ત્વથી ઉક્ત ઉપાધિને દૂર કરી નિવૃત્તિ પ્રાપ્ત કરવાને માટેજ. સમ્યગ્જ્ઞાનના યોગથી સમકિતની શુદ્ધિ થાય છે અને અનુક્રમે ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની સમકાલીન સહાયથી આત્મા ઉક્ત ઉપાધિથી મુક્ત થઇ પોતાનું સહજ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી પરમ નિવૃત્તિપદને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે મોહનીય કર્મનો ક્ષયોપશમ થયાથી રત્નત્રયીનો ઉદય થાય છે ત્યારે પ્રગટ થયેલ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવડે ચક્રવર્તી પોતાના છ ખંડના રાજ્યને પણ તૃણ તુલ્ય લેખીને તજી દેતાં વિલંબ કરતો નથી, તો બીજાનું તો કહેવુંજ શું! પરંતુ જ્યાં સુધી મોહનીય કર્મનો પ્રબળ ઉદય વર્તતો હોય છે ત્યાં સુધી તો દુનિયાની મોહમાયામાં મુંઝાઇ મિથ્યાભિમાનથી 'હું અને મારૂં' માની લેવાથી મૂઢમતિ એક તુચ્છ વસ્તુને પણ તજી શકતો નથી. જ્યારે ઉક્ત મોહનીય કર્મ ક્ષીણ થઇ જાય છે ત્યારે તો પ્રાપ્ત થયેલા ઉત્તમ વૈરાગ્યવડે ચક્રવર્તી અને ભિક્ષુક પણ સમ જણાય છે. શુદ્ધ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવંત સાધુને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible] જેમ કાળ કે ભાવમાં પ્રતિબંધ રહેતો નથી. તે નિઃસ્પૃહ ભાવે સ- [illegible] આદિ ત્યાગીને વિચરે છે, તે નિરંતર સ્વસ્વભાવમાંજ રમણ કરતા [illegible] પરભાવમાં રમણ કરતા નથી. એવા સ્વભાવ રમણી—આત્મારામી પુરૂષને [illegible] અભિમાન તો હોયજ શાનું ? તે તો સર્વત્ર સાક્ષીભાવેજ રહે છે અને તેથીજ [illegible] જેમ નિર્લેપ રહેવાથી તેમને કંઈ પણ રાગાદિકનો લેપ લાગતોજ નથી. [illegible] તત્ત્વદ્રષ્ટિથી ક્યાંય પણ બંધાવાનું થતું નથી. ગમે તેવાં વિષમ કારણ પણ [illegible] તો સમ થઈને પરિણમે છે, તેથી ગમે ત્યાં તેમને કર્મનિર્જરા થાય છે. તત્ત્વ-દ્રષ્ટિને જેમ જેમ આત્મરમણ યાને ઔદાસિન્ય વૃત્તિથી કર્મનિર્જરા થાય છે તેમ તેમ ઉપાધિરહિત થવાથી સહજ શુદ્ધિ થતી જાય છે. એવા સતત અભ્યાસથી અ-નુક્રમે સર્વ ઉપાધિથી મુક્ત થઈ તત્ત્વદ્રષ્ટિ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યાત્મક પોતાના સહજ નિરૂપાધિક સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આવી રીતે રત્નત્રયીના પ્રભાવથી લોકાગ્ર સ્થિતિને ભજી નિરંતર નિર્દ્વંદ્વ–નિ-રૂપાધિક સુખમાંજ તત્ત્વજ્ઞાની અને તત્ત્વદ્રષ્ટિ પુરૂષો મગ્ન રહે છે. જેનાવડે ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય તેજ તેનાં સફળ કારણ કહેવાય છે, બાકીનાં તો આકાશ પુષ્પવત્ નિષ્ફળ કારણ સમજવાં યોગ્ય છે. તેવી રીતે જે જ્ઞાનવડે મુમુક્ષુને અભિષ્ટ એવા મોક્ષ-ફળની પ્રાપ્તિ થાય તેજ જ્ઞાન અને તેજ દર્શન પ્રમાણ છે; મોક્ષપદ દેવાને અસમર્થ એવું [illegible] આડંબરવાળું જ્ઞાન અને દર્શન અપ્રમાણ છે. એજ વાતનું સમર્થન કરતા શાસ્ત્રકાર કહે છે કે—

वादांश्च प्रतिवादांश्च, वदंतोऽनिश्चितांस्तथा ।
तत्त्वांतं नैव गच्छंति, तिलपीलकवद् गतौ ॥ ४ ॥

[illegible] ભાવાર્થ—શુદ્ધ સાધ્ય વિનાના નકામા વાદ અને વિવાદને કરનારા, ઘાંચીના બેલની જેમ તત્ત્વના પારને કદાપિ પામી શકતા નથી.

વિવેચન—જેમ ઘાંચીનો બળદ ઘાણીને પીલતાં સો કોસ જેટલું ચાલ્યા કરે તોપણ ત્યાંનો ત્યાંજ. ગમે તેટલું ગમન કરતાં છતાં તેની ગતિનો જેમ અંત આ-વતો નથી તેમ શુદ્ધ સાધ્યદ્રષ્ટિ વિના, શુદ્ધ લક્ષ વિના પરને પરાસ્ત કરવા–પરમત ખંડન અને સ્વમત મંડન કરવા ગમે તેટલા વાદવિવાદ કરે તે સર્વ મિથ્યા છે. તે કેવળ શુષ્કવાદ, બકવાદ અથવા વિતંડાવાદ તુલ્યજ છે. નથી થવાનું તેથી સ્વ-હિત કે નથી થવાનું તેથી પરહિત. શુષ્કવાદ વિવાદથી તો કેવળ ભવનું બગડેજ છે. તેથીજ શાસ્ત્રમાં એવા મિથ્યા વાદવિવાદ કરવા નિષેધ્યા છે. ફક્ત જે સ્વપર સમયના સારી રીતે જાણ હોય તેવા સમર્થ પુરૂષનેજ અન્ય તત્ત્વાભિલાષીની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મવાદ કહો કે સંવાદ કરવાની શાસ્ત્રકારે સંમતિ આપી છે. પરંતુ જેની સાથે એવો ધર્મસંવાદ કરવામાં આવે તે માણસ સ્વસમયનો જાણુ, અનાગ્રહી, યુક્તિને યથાર્થ સમજનારો, શાંત પ્રકૃતિનો અને મધ્યસ્થ દૃષ્ટિવાળો હોવો જોઇએ. આવા યોગ્ય—અધિકારી માણસની સાથે ધર્મસંવાદ કરવામાં તત્ત્વથી કંઇ પણ ગેરફાયદો નહિ પણ ફાયદોજ બતાવ્યો છે. એવા લાયક માણસની સાથે ધર્મસંવાદ કરતાં સર્વ રીતે લાભ જ કહ્યો છે. હારવાથી પણ લાભ અને જીતવાથી પણ લાભજ થાય છે. હારવાથી પોતાની ન્યૂનતા સમજાયાથી તે ન્યૂનતા દૂર કરવાને અધિક ઉદ્યમ સેવાયછે, અને જીતવાથી તો સામાનો મોહ દૂર થાય છે. મોહ દૂર થયાથી તત્ત્વાભિલાષી હોવાને લીધે તે તરત શુદ્ધ તત્ત્વનો સ્વીકાર કરી લે છે. પરંતુ તેવા અધિકાર વિનાના યોગ્યતાશૂન્ય કેવળ જડવાદી અને કદાગ્રહીની સાથે તો વાદ કરવાથી બંને રીતે ગેરફાયદોજ કહ્યો છે. હારવાથી શાસનની લઘુતા કહેવાય છે, અને જીતવાથી સામો માણસ શાસન ઉપર દ્વેષ રાખે છે તેમજ તેની આજીવિકાદિકમાં પણ હાનિ પહોંચે છે. માટે ગમે તેમ છતાં તેવા અનધિકારીની સાથે ચાલે ત્યાં સુધી વાદમાં ઉતરવુંજ નહિં. કેમકે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાનો પવિત્ર હેતુ તો સ્વપરના મોહનો નાશ કરીને શુદ્ધ ચારિત્રનું સેવન કરી પરમપદ પ્રાપ્ત કરવાનોજ છે. તે '**वादाय विद्या**' શુષ્ક વાદ વિવાદ માત્રથી નિષ્ફળ કરવા યોગ્ય નથીજ. પરંતુ '**तत्त्वधीर्विद्या**' વસ્તુને વસ્તુગત જાણી સ્વપરને, જડ ચેતનને, ગુણદોષને, હિતાહિતને, ઉચિત અનુચિતને, પુણ્ય પાપને, બંધ મોક્ષને, યાવત્ કર્તવ્ય અકર્તવ્યને સારી રીતે સમજી સદ્વિવેક ધારી, શુદ્ધ તત્ત્વનો સ્વીકાર અને અશુદ્ધ તત્ત્વનો ત્યાગ કરીને તેની સફળતાજ કરવાની છે. તેવી સફળતા તો 'અનિત્ય અશુચિ અને અનાત્મિક એવી દેહાદિક પરવસ્તુમાં અનાદિકાળથી અવિદ્યા અથવા અજ્ઞાનના યોગે લાગી રહેલી ખોટી મમતા—માયાને તજી શુદ્ધ અને શાશ્વત એવા પોતાના આત્મધર્મમાંજ મમતા ધારણ કરવાથી થઈ શકવાની છે. એ પણ શુદ્ધ ચારિત્રપાત્ર સદ્ગુરૂ સમીપે રૂચિ અને શ્રદ્ધાપૂર્વક સર્વજ્ઞદેશિત શાસ્ત્રનું યથાવિધિ શ્રવણ મનનાદિક કરતાં સંભવે છે. તેથી દરેક આત્માર્થી જને એવા ઉત્તમ ગુરૂની શોધ કરીને વિનય—બહુમાન પૂર્વક તેમની સમીપે શાસ્ત્ર શ્રવણ કરવું ઉચિત છે. આદર પૂર્વક શાસ્ત્ર શ્રવણ કરીને અનુકૂળતા મેળવી તેના ઉપર મનન કરવું, તેમાંથી તત્ત્વ ખેંચી સાર વસ્તુનો સ્વીકાર કરી લેવો. એટલે કે પોતાથી જે વાતનું સુખે પાલન થઇ શકે એવું સમજાય તેને કૃતિમાં મૂકવાને પ્રયત્ન કરવો અને જે વસ્તુનું પાલન કરવું દુઃશકય—અથવા અશકય પ્રાય દેખાય તેની ભાવના માત્ર રાખવી ઉચિત છે. પરંતુ સદ્ગુરૂ સમીપે ભાગ્યવશાત્ શાસ્ત્ર શ્રવણ કરીને તેને પ્રમાદને વશ થઇ વ્યર્થ ગુમાવી દેવું તો ઉચિત નથીજ, પશુ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્પણ કરીને તેને પાછું વાગોળે છે તોજ તેનું સારૂં પરિણમન થાય છે. તો બુદ્ધિશાળી મનુષ્યોએ તો જરૂરા જરૂર યથેષ્ટ શાસ્ત્ર શ્રવણ કરીને તેનું સારી રીતે પરિણમન થાય એવી રીતે સ્થિરતા પૂર્વક તેનું મનન કરવુંજ જોઇએ. શાસ્ત્ર શ્રવણ અને મનન કર્યું તોજ કહેવાય કે જો આપણને વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થાય, આપણું અજ્ઞાન અંધકાર દૂર થાય, વસ્તુ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા—પ્રતીતિ થાય, અશ્રદ્ધા–શંકાદિક દોષો દૂર જાય, આપણું વર્તન દ્રવ્યથી અને ભાવથી સુધરે, આપણા અનાદિના સંગી છતા શત્રુભૂત એવા કામ ક્રોધાદિક અંતરંગ વિકારોને આપણે દાબી શકીએ, ઇંદ્રિય વર્ગને દમી શકીએ અને આત્મ સંયમમાં સદા સહાયભૂત એવાં સદ્વ્રતોનું આપણે પ્રસન્નપણે સેવન કરી શકીએ. જો આવી રીતે આપણને તત્ત્વબોધ, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વાચરણ અથવા આત્મબોધ, આત્મશ્રદ્ધા અને સ્વભાવાચરણરૂપ ચારિત્રનો કોઇ અંશે લાભ થાય તોજ પવિત્ર શાસ્ત્રનું પુનઃ પુનઃ શ્રવણ કર્યું લેખે, નહિં તો વંધ્યાપુત્રવત્ શાસ્ત્ર શ્રવણાદિક નિષ્ફળ સમજવું. થોડું કે ઘણું ભણીને કે સાંભળીને તે સાર્થક કરાય તોજ તે લેખે કહેવાય, નહિં તો 'ભણ્યો પણ ગણ્યો નહિં' એ કહેવત મુજબ ભણતર માત્ર અપવાદપાત્રજ છે. થોડું પણ ભણીને ગણ્યું તેનુંજ કહેવાય કે જે હિંસા, અસત્ય, અદત્ત (ચોરી), મૈથુન (કામક્રીડા), પરિગ્રહ (મૂર્છામમતા), ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષ, કલહ, આળ—અભ્યાખ્યાન, પૈશુન્ય (ચાડી), રતિ અરતિ (ઇષ્ટ અનિષ્ટ પ્રસંગે હર્ષ ખેદ), પરપરિવાદ (પર નિંદા), માયા મૃષા (કરવું કંઇ અને કહેવું કંઇ) અને મિથ્યાત્વ શલ્ય એ અઢારે પાપસ્થાનકને અધોગતિદાયક જાણીને સર્વથા છાંડે છે અથવા તેને છાંડવાનો પ્રતિદિન ખપ કર્યા કરે છે, તેમજ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતારૂપ પાંચ મહાવ્રતો અથવા પાંચ અણુવ્રતોને સદ્ભાવથી સમજીને અંગીકાર કરે છે, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરે છે, એટલે રાત્રિસમયે કોઇ પણ પ્રકારનો ખોરાક ગ્રહણ કરતો નથી. ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ ગુણનું સારી રીતે સેવન કરેછે. મધ્યસ્થતા અથવા નિષ્પક્ષપાતપણાથી સર્વત્ર સમભાવે—સાક્ષીપણે રહે છે. પરવસ્તુમાં મોહને વશ થઇ કર્તૃત્વપણું ધારણ કરતો નથી. ઇષ્ટ વિષય સંયોગે હર્ષ અને અનિષ્ટ સંયોગે ખેદ ધરતો નથી. ઇષ્ટ અથવા અનિષ્ટ વસ્તુના સંયોગ વિયોગમાં સમભાવ રાખે છે. વિરક્તપણાના સ્વાભાવિક સુખનો અનુભવ કરે છે, મૂઢમતિ પ્રાણીઓ તો સંસારમાં રચ્યાપચ્યા રહીને પુદ્ગલિક સુખની લાલસાથી ક્ષણમાં રાતાતાતા થઇ જાય છે; પરની સાથે કલહ કરી બેસે છે; કોઇની ઉપર ખોટાં આળ ચઢાવે છે; કોઇને સંકટમાં પાડવાને ખોટી ચાડી ખાય છે, પોતાનું ધાર્યું થયું તો કૂદે છે, હસે છે, તેમાં રાચે માચે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધાર્યું ન થયું તો શોકસાગરમાં ડુબી જાય છે, આક્રંદ અને વિલાપાત કરે છે. પરને ઠગવાને માટે અનેક પ્રપંચ રચે છે, બોલે છે કંઇ અને કરે છે કંઇ, વળી પોતાની ઠગાઈ છૂપાવવાને બનતી કવિદ્યા કરે છે; તેમજ હિતકારી માર્ગની કેવળ ઉપેક્ષા તથા અશ્રદ્ધા ધારણ કરીને હઠ કદાગ્રહવડે અહિત માર્ગનેજ આદરે છે, ભુંડની પેરે તેમાંજ રચ્યાપચ્યા રહે છે. એવા જડમતિ અજ્ઞાની જનોની જ્યારે આવી ઉંધી પ્રવૃત્તિ થાય છે, ત્યારે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીજનોની કેવળ સુલટીજ પ્રવૃત્તિ થાય છે. તેઓ જેમ બને તેમ સલાહશાંતિથીજ કામ કરે છે, પોતાના ઉપર આવી પડેલી કોઇ પણ આપત્તિને પોતે ધૈર્યથી સહે છે, તેમાં પોતે કોઇને દોષ દેતા નથી, અરે! દોષમાંથી પણ ગુણ ગ્રહે છે! સંપત્તિના વખતે વિશેષ નમ્રતા ધારે છે, પોતાની કહેણી કરણી સરખી રાખે છે એટલે પોતે જેવું બોલે છે તેવુંજ પાળે છે, અથવા પોતે બોલે છે થોડું અને કરે છે ઘણું, તે સહુના શ્રેયમાંજ રાજી હોય છે, સરલપણે પોતાથી બની શકે તેટલું પરહિત કરવા તત્પર રહે છે, અને હઠકદાગ્રહરહિતપણે હિત વચનને સાંભળે છે, હિતવચનને માન્ય કરે છે, તેમજ તદ્વત્ આચરણ પણ કરે છે.

શાસ્ત્રમાં ફક્ત અષ્ટ પ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) ના જાણકાર અને તે પ્રવચન માતાનું શ્રદ્ધા પૂર્વક પાલન કરનાર સાધુને **જ્ઞાની** કહીને બોલાવ્યા છે, પરંતુ પ્રમાદશીલ એવા નવ પૂર્વધરને પણ **અજ્ઞાની** કહીને બોલાવ્યા છે, તે પૂર્વોક્ત ન્યાયે કરી જ્ઞાનની સફળતા અથવા નિષ્ફળતાને લઇનેજ સમજવું. ગમે તેટલું ભણી જાય પણ જ્યાં સુધી તેનું સમ્યગ્ પરિણમન ન થાય ત્યાં સુધી તે તત્ત્વજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન કહેવાયજ નહિં, અને તેવા સમ્યગ્જ્ઞાન—દર્શન વિના તત્ત્વથી ચારિત્રની પ્રાપ્તિ સંભવેજ નહિં. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન (શ્રદ્ધા) એ સમ્યક્ચારિત્ર પ્રાપ્તિનાં કારણ છે. સમ્યક્ચારિત્ર વડેજ તેમની સાર્થકતા છે; તે વિના તે નિષ્ફળ પ્રાય છે. પરંતુ જ્યારે ત્યારે પણ સમ્યગ્જ્ઞાન–દર્શન યોગેજ ચારિત્ર સમ્યગ્ રીત્યા પ્રાપ્ત થાય છે, તે વિના તે પ્રાપ્ત થતુંજ નથી. માટેજ શાસ્ત્રકારે સમ્યગ્જ્ઞાનની પ્રધાનતા કહી છે. એવા સમ્યગ્જ્ઞાનને માટેજ મુમુક્ષુ જનોએ અહોનિશ યત્ન કરવો ઉચિત છે. થોડું પણ સમ્યગ્જ્ઞાન આત્માને અત્યંત હિતકારી થાય છે તો પછી વધારેનું તો કહેવુંજ શું! તે તો અવશ્ય હિતકારી થાયજ. તે વડે સર્વ અજ્ઞાન અને મોહઅંધકારનો અનુક્રમે નાશ થઇ જાય છે. અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનવડે સમ્યક્ચારિત્ર, કહો કે સર્વજ્ઞદેશિત સદાચરણને સેવીને આત્મા સર્વ દોષોને દૂર કરી સમસ્ત ગુણને પ્રાપ્ત કરી શકે છે. સમ્યગ્જ્ઞાન દર્શન વડેજ સમ્યગ્—નિર્દોષ ચારિત્રની પ્રાપ્તિ અને પુષ્ટિ થઇ શકે છે. માટે શુદ્ધ ચારિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષના અર્થી જનોએ બીજી બધી ખટપટ તજીને તેવા સદ્દગુરૂની કૃપાવડે સમ્યગ્ જ્ઞાન દર્શનનીજ પ્રાપ્તિને માટે પ્રથમ પ્રયત્ન કરવાની જરૂર છે. જો સમ્યગ્જ્ઞાન દર્શન રૂપ પાયો દૃઢ હશે તો તેની ઉપર ચણેલી ચારિત્ર રૂપ ઇમારત ગમે તેવા પરીસહ અથવા ઉપસર્ગોમાં પણ ડગશે નહિં; પરંતુ જો જ્ઞાન—દર્શનરૂપ પાયોજ કાચો હશે તો કાચા પાયે ચણેલી ચારિત્ર રૂપ ઈમારત લાંબો વખત ટકી શકશે નહિં, સહજ પરીસહ કે ઉપસર્ગના યોગે ક્ષોભ પામીને તે પડી જશે. ફરી પાછી તે ઉભી કરી શકાશે નહિં. પરંતુ જો પાકા પાયેજ ચારિત્ર ઇમારત ચણવામાં આવશે તો પછી તેને ગમે તેવા કઠણ પરીસહ કે ઉપસર્ગ યોગે ક્ષોભ પામીને ડગવાનો કે પડવાનો ભયજ રહેશે નહિં. માટે મુમુક્ષુ જનોએ જેમ બને તેમ કાળજીથી સમ્યગ્જ્ઞાન—દર્શનની શુદ્ધિ અને પુષ્ટિ વડે ચારિત્રની શુદ્ધિ અને પુષ્ટિ કરવા સતત પ્રયત્ન કરવાની જરૂર છે. માટેજ શાસ્ત્રમાં સમ્યગ્જ્ઞાન દર્શનને અનેક શુભ ઉપમા આપીને સંબોધેલ છે. આપણને પણ તેનુંજ શરણ હો ! કેમકે સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રજ મોક્ષનો ખરો માર્ગ છે. માટે મિથ્યાવાદ વિવાદમાં યા વિતંડાવાદ કરવામાં વખતનો વ્યય નહિં કરતાં જેમ તેની સફળતા થાય તેમ તેનો સદુપયોગ કરવાજ લક્ષ રાખવું જોઇએ. એમ કહેવાનો આ શ્લોકનો આશય છે.

અપૂર્ણ.

# धार्मिक शाळाओमां नैतिक केळवणीनी आवश्यकता.

શ્રેયસ્કર મંડળ અને વિદ્યાપ્રસારક વર્ગ વિગેરેના પ્રશસ્ત પ્રયત્નથી આજે સ્થળે સ્થળે જૈનપાઠશાળાઓ અને કન્યાશાળાઓ આદિ સ્થાપિત થયેલી છે અને થતી જાય છે. કેટલાએક અપવાદ શિવાય આ દરેક પાઠશાળામાં મ્હોટે ભાગે શ્રી આવશ્યક સૂત્રોના મૂળ પાઠોનું શિક્ષણ અપાય છે. જુજ સ્થળોમાં અર્થનું અને વિધિમાર્ગનું શિક્ષણ અપાય છે. પણ શાળાઓની સ્થાપનાનો હેતુ આટલાથીજ સિદ્ધ થતો નથી. જૈન બાળકો પ્રતિક્રમણનું જ્ઞાન મેળવી કદાચ આવશ્યક ક્રિયાઓ કરાવતાં શિખે કે પ્રકરણાદિનું જ્ઞાન મેળવી જીવાજીવાદિ તત્વોના ભેદો કહી જાય તેટલા માત્રથી તેઓ ઇષ્ટ ફળ મેળવી શકતા નથી. ધાર્મિક કેળવણી વગર સાંસારિક કેળવણી શુષ્ક છે અને તેવી કેળવણીનું પરિણામ બહુધા વખાણવા લાયક આવતું નથી, તેથી સાંસારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણીની જરૂર જોનારા અને તેની હીમાયત કરનારાઓની ઇચ્છા ઉપર વર્ણવેલા શિક્ષણમાત્રથી તૃપ્ત થતી નથી. તેઓનું કેંદ્રસ્થાન બીજુંજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક કેળવણી એવા પ્રકારની હોવી જોઇએ કે જેના પ્રભાવથી તેનું શિક્ષણ લેનારાઓ સંસારવ્યવહારમાં પોતાની પોતાના માતાપિતા, વડિલ બંધુઓ તથા બ્હેનો અને ગૃહિણી પ્રત્યે શી ફરજો છે તે સમજી શકે. પોતાનો વ્યાપાર સદોષ છે કે નિર્દોષ છે તે તપાસી નિર્દોષ વ્યાપારથી સ્વકુટુંબનું પોષણ કરી શકે. પોતાનો વ્યાપાર પ્રમાણિકપણે ચલાવી શકે. ધર્મ, અર્થ અને કામ એ પુરૂષાર્થત્રયમાં ધર્મના સેવનપૂર્વક અર્થ અને કામ પરસ્પર અબાધિતપણે સાધી શકે. 'ધર્મ વિના અર્થ અને કામ સાધી શકાતાં નથી' એમ અંતઃકરણમાં દૃઢીભૂત કરી વ્યવહારમાર્ગમાં તેનો અડગપણે ઉપયોગ કરી શકે. જૈન મંદિરમાં જઈ વીતરાગ દેવની કેવા ભાવથી અને કઈ રીતિથી પૂજાભક્તિ કરવી તે જાણી શકે. ગુરૂ મહારાજના આગમન વખતે એક શ્રાવક તરીકે તેઓનો પ્રવેશ કરાવવા માટે શું કરવું જોઇએ, તેઓ રસ્તામાં સામા મળે કે સ્વગૃહે આહારાદિ અર્થે પધારે ત્યારે કેવી રીતે વર્ત્તવું, અને ઉપાશ્રયે જઇને ઉચિત કેમ સાચવવું તે સંબંધી સમજણ મેળવી શકે. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યાદિની કેવી વ્યવસ્થા છે, તેની રક્ષા અને વૃદ્ધિ અર્થે કેવી યોજના હોવી જોઈએ અને કયા પ્રકારના દ્રવ્યનો કેવા કેવા પ્રકારનાં કાર્યોમાં ઉપયોગ થઇ શકે તેનું જ્ઞાન મેળવી શકે. પાંજરાપોળો, સભાઓ અને એવી બીજી જાહેર સંસ્થાઓમાં ભાગ લેવાની પોતાની ઇચ્છાને ઉત્તેજીત કરી શકે. સંઘ અથવા મહાજન મળ્યું હોય તે વખતે પોતાના ધર્મના ફળરૂપ સ્વતંત્ર વિચારો શાંતિથી નિડરપણે જણાવી શકે. આ અને આવી બીજી અનેક બાબતો કે જે સંસારમાં અતીવ ઉપયોગી છે તેનું સર્વ જ્ઞાન બાળકોને શાળામાં મળવું જોઈએ. આને આપણે નૈતિક કેળવણી એવું નામ આપીશું તો ચાલશે. હાલના બાળકો તે આપણા ભવિષ્યના આગેવાનો છે. તેથી તેઓને ઉપરનું સર્વ પ્રકારનું જ્ઞાન ઉપદેશરૂપે દૃષ્ટાંત સાથે નિરંતર પાઠશાળાઓમાં આપવામાં આવતું હોય તો ભવિષ્યમાં તેઓ પોતાના વ્યવહારમાર્ગમાં કદી સ્ખલના પામે નહીં. ધાર્મિક કેળવણીનો ખરો હેતુ તે લેનારાઓનો સંસારવ્યવહાર સુખમય ને ધર્મમય કરવાનો છે. જેનો સંસારવ્યવહાર સુખમય હશે તે મોક્ષનાં સાધનોનું સેવન સ્થિરતા પૂર્વક નિર્વિઘ્નપણે કરી શકશે.

જેમ ધાર્મિક કેળવણી વિના સાંસારિક કેળવણી શુષ્ક ગણાય છે, તેમ આવી નૈતિક કેળવણી વિનાની ધાર્મિક કેળવણીને શુષ્કપ્રાય કહીએ તો તે કથનમાં અસત્યતાના અંશો ઓછા છે. આપણને દૃષ્ટિગોચર પણ તેવુંજ થાય છે. પાઠશાળાના અભ્યાસીઓ એક તરફ જોઇએ તો પ્રતિક્રમણ તથા પ્રકરણોમાં પવીણ હોય અને ઈતર તરફ દૃષ્ટિપાત કરતાં તેઓ અસત્ય બોલતા હોય, અપ્રમાણિકપણે વર્તતા હોય, વિષયાસક્ત હોય, અનીતિથી વિત્તની વૃદ્ધિ કરવા ઇચ્છતા હોય, કુટુંબમાં કલેશ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડિલો પ્રત્યે અવિનયી અને અવિવેકી થઇ ' હિ વાળે તે દિકરા ' ના કથન ઉપર પાણી ફેરવી દ્વિકુર્યોની પદવી ધારણ કરી પોતાના પૂજ્ય અને મહોપકારી વડિલ જનોની આંતરડી દુભાવી જૂદા રહેતા હોય અને ધાર્મિક વૃત્તિની ઉપેક્ષા કરી અર્થ અને કામનેજ સાધ્ય ગણી સંસારને સુખમય બનાવવાનાં સાધનોની અવગણના કરી પોતાના દુર્લભ મનુષ્યભવને વ્યર્થ ગુમાવતા હોય---એ કેટલું બધું શરમ ભરેલું ગણાય ? આવી બાબતોનું પ્રત્યક્ષ દર્શન થતાં નૈતિક કેળવણીની કેટલી બધી અનિવાર્ય આવશ્યકતા છે તે સ્હેજે સમજી શકાશે. સાંભળીએ છીએ કે શ્રાવકના બાળો હોટેલોમાં જાય છે, કંદમૂળાદિનું ભક્ષણ કરે છે, સોડા લેમોનેડના બાટલાનું પાન કરે છે અને કુસોબતથી કેટલીએક વ્યક્તિઓ પ્રચ્છન્ન રીતે મદિરા જેવી નિંદ્ય અને અનાચરણીય વસ્તુઓનું સેવન કરી અગમ્ય ગમન કરે છે. આ કેટલું બધું અફસોસજનક ગણાય ! આવું જોઇ હાલની પાઠશાળાઓની સ્થાપનાને નહીં વખાણનારાઓ યદ્વા તદ્વા જલ્પે તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જૈન બાળકોની હૃદયભૂમિકા નૈતિક કેળવણી રૂપી જળથી શુદ્ધ કરી હોય તો તેઓની આવી સ્થિતિ થવાનો ઘણો ઓછો સંભવ છે. ' શ્રાવકને દૌર્ભાગ્ય, અનાદેય અને અપયશનો ઉદય હોય નહીં" એવા પ્રકારના પૂર્વાચાર્યોના પાંચમા ગુણસ્થાનકના કથનની સત્યતા આજે કેમ જોઇ શકાતી નથી ? તેનું કારણ વિચારીશું તો જણાશે કે તેઓને નૈતિક કેળવણી રૂપી જળનું સિંચન થયેલું નથી. પરંતુ આ બાબતમાં જો ઉપેક્ષા કરવામાં આવશે તો પરિણામ વધારે નબળું જોવામાં આવશે, અને તેથી ઘાણીનો બળદ છ મહીના ચાલશે તોપણ ઘેરનો ઘેરજ રહેશે.

સામાન્ય માણસો એમ સમજે છે કે છોકરો પાંચ કે છ વર્ષનો થાય પછી કેળવણી લેવાને યોગ્ય થાય છે, પણ દીર્ઘ દૃષ્ટિવડે વિચાર કરશો તો કેળવણી ગર્ભાધાનથીજ શરૂ થાય છે એમ જણાશે. ગર્ભાધાન સંસ્કારથીજ આ કથનને પુષ્ટિ મળે છે. એક વિદ્વાન્ માણસે કહ્યું હતું કે છોકરાં પેદા થાય છે એમ નહીં પણ પેદા કરી શકાય છે. આમ કહેવામાં તેનો હેતુ એ હતો કે જેવી સંતતિ આપણે બનાવવા ચાહીએ તેવી બની શકે. નેપોલીયન બોનાપાર્ટ જેવો શૂરવીર પુત્ર ઉત્પન્ન કરવો હોય તો ગર્ભ ધારણ થયા પછી જન્મકાળ પર્યંત ગર્ભધારિણીને તેવા વીરતાજનક પુસ્તકો વંચાવો; ધાર્મિક વૃત્તિવાળો કરવો હોય તો ધાર્મિક પુસ્તકો વંચાવો અને બુદ્ધિશાળી અને હુન્નર કળામાં પ્રવીણ કરવો હોય તો તેવાં પુસ્તકો વંચાવો. ટુંકામાં જેવી સંતતિ ઉત્પન્ન કરવા ચાહતા હો તેવી કેળવણી ગર્ભાવસ્થામાં ગૃહિણીને આપો અથવા અપાવો, અને જૂઓ કે તેનું પરિણામ તમે ધારો તેવું આવે છે કે નહિ ?

જન્મ થયા પછી પહેલી નિશાળ તો ઘરમાંજ મંડાય છે. માબાપોનું જેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ત્તન હોય છે તેવું અન્તઃકરણ વગર શિખવે બાળક કરે છે, અને તેથી સંતતિનું ભલું ઈચ્છનારા માબાપોએ ગૃહની અંદર પોતાનું વર્ત્તન ઉચ્ચ રાખવું જોઇએ. બાળકને કયારે પણ કુસોબતમાં રહેવા દેવું ન જોઈએ. તેને કોની સોબત છે તેની અવાર નવાર તપાસ રાખવી જોઇએ. કારણ કે કુસોબતથી બાળકો પાયમાલ થઇ જાય છે. એક અંગ્રેજ કવિએ કહ્યું છે કે Tell me your company and I will tell you who you are ' તમારે કોની સોબત છે તે મને કહો અને તે ઉપરથી તમે કેવા છો તે હું કહી આપીશ. ' આ પ્રમાણે નહીં વર્ત્તનારા માબાપો બાળકના હિતકર્ત્તા થવાને બદલે હિતશત્રુ થાય છે. જેના ગૃહમાં નિત્ય કલહ થતો હોય અને અપશબ્દો બોલાતા હોય તેના પુત્રો પણ કલહપ્રિય થાય છે અને અપશબ્દો બોલતાં શિખે છે, લોભ દુર્ગુણનો વાસ હોય તો પુત્ર લોભી થાય છે, સામાયિક પ્રતિક્રમણનું સેવન થતું હોય તો પુત્રને તે પ્રિય થઇ પડે છે, નિવૃત્તિ વખતે કૌટુંબિક જનો સાથે બેસી ધર્મકથા થતી હોય અથવા પુસ્તકો વંચાતાં હોય તો બાળકો પણ તેવી કથા કરતાં વાંચતાં શિખે છે, દર્શન કરવા જવાની ટેવ હોય તો બાળકો પ્રભાતે તેને માટે કજીયો કરે છે અને તેને દર્શન કરાવે ત્યારેજ શાંત થાય છે. ઉપાશ્રયે જવાની ટેવ હોય તો બાળકો તે તરફ આંગળી બતાવી ત્યાં જવાની ઇચ્છા બતાવે છે. આ અને આવી રીતે બીજા પારવગરનાં ગૃહવર્ત્તનોની અસર બાળકો ઉપર થાય છે અને તેઓ તેનું શિક્ષણ લે છે. માટે એ વાત ખરેખરીજ છે કે બાળકોને સુધારવા હોય તો આપણે સુધારી શકીએ અને બગાડવા હોય તો આપણે બગાડી શકીએ. 'બાળકને પ્રથમના ત્રણ ચાર વર્ષમાં જેટલું જ્ઞાન મળે છે તેટલું જ્ઞાન તેને બાકીની આખી જીંદગીમાં મળતું નથી ' આમ કહેનારના કથનમાં કેટલીએક અપેક્ષાએ સત્યતા જોઈ શકાય છે અને તે વ્યાજબી લાગે છે. માટે માબાપોએ પોતાનાજ વર્ત્તનથી સુખી દુઃખી થનારા બાળકોનું સંપૂર્ણ હિત સાચવવા અપ્રમત્તપણે પ્રયત્ન કરવો ઘટે છે. માબાપોના ઉચ્ચ વર્ત્તનથી સંસ્કૃત થયેલાં બાળકો નિશાળોમાં અને પાઠશાળાઓમાં ઉંચી રીતે વર્ત્તી શકે છે એ અનુભવસિદ્ધ છે. તેઓનામાં પ્રથમ કહ્યા તેવા દુર્ગુણો અને દુરાચારોનું પ્રાયઃ દર્શન થતું નથી.

પ્રાંતે સર્વ પાઠશાળાઓના શિક્ષકોને એક નમ્ર વિનંતિ કરી આ લેખ સમાપ્ત કરીશ.

પ્રિય ધર્મબંધુઓ! તમારા ઉપર બહુ આધાર રહેલો છે. તમારી પદવી બહુ જોખમ ભરેલી છે. હાલના બાળકો તે ભવિષ્યના આગેવાનો છે. તેની ઉન્નતિનો આધાર તમારા ઉપર રહેલો છે. તમે શાળામાં ધાર્મિક શિક્ષણ ભલે ઓછું આપો પણ નૈતિક શિક્ષણનો પ્રવાહ નિરંતર ચાલુ રાખજો. તેઓને વિવિધ પ્રકારના વિષયો ઉ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર ઉપદેશ આપજો. તમારો ક્ષયોપશમ ઓછો હોય તો તેવાં પુસ્તકોનો આશ્રય લઈ તેમાંથી વાંચી તે ઉપર યોગ્ય સ્થળ પ્રાપ્ત થયે વિવેચન કરજો. થોડું વાંચજો અ-ને ઘણું સમજાવજો. તેઓને ધર્મચુસ્ત કરજો પણ ધર્માંધ કરશો નહિ. તેઓને સર્વ ધર્મો સમાન દૃષ્ટિથી જોતાં શિખવી દરેક ધર્મમાંથી જૈન દર્શનને અનુકૂળ તત્ત્વો ગ્રહણ કરવાનું શિક્ષણ આપજો. કારણ કે જૈનદર્શન સમુદ્ર છે, અને બીજા દર્શનો નદીઓ છે. તો નદીઓમાં પણ કંઇ ગ્રહણ કરવા યોગ્ય હોય છે. બીજાઓના અવગુણો આપણે ગ્રહણ નહીં કરીએ તો આપણને નુકશાન નહીં કરે. સદ્ગુણીના ગુણ તે-નેજ ભારી છે. એમ બતાવી ચાલણીની પેઠે દોષગ્રાહી ન થતાં હંસની પેઠે ગુણગ્રા-હી થવાનું અર્થાત્ નવાણું અવગુણવાળા અને એક ગુણવાળા માણસો પાસેથી પણ ગુણનો સ્વીકાર કરતાં ગુણના ભંડાર થવાય અન્યથા અવગુણના ભંડાર થવાય, માટે આ બેમાંથી તમને યોગ્ય લાગે તે માર્ગ ગ્રહણ કરજો. એવા પ્રકારનું ઉમદા શિક્ષણ આ-પજો. તેમને કોન્ફરન્સના હેતુઓ સમજાવજો. નવીન દહેરાસર કરવા કરતાં જીર્ણનો ઉદ્ધાર કરવામાં આઠ ગણો લાભ છે, એમ સમજાવી નવીન દહેરાસરને બદલે જીર્ણો-દ્ધાર કરવાના ખપી કરજો. કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, મૃત્યુ પાછળ જમણવાર, બાળ-લગ્ન, વિવાહપ્રસંગે નાતને માટે લખલૂટ ખર્ચ એ અને અન્ય હાનિકારક દુષ્ટ રીત-રીવાજની જડને શિથિલ કરવા ઉપદેશ આપજો, અને તે પૈસાથી શ્રાવકક્ષેત્રનો ઉ-દ્ધાર કરવા આગ્રહ કરજો કે જેથી શેષ ક્ષેત્રો એની મેળે ઉદ્ધરી જશે. આપણા પૂ-ર્વજોનો વૈભવ બતાવી, તેવી સ્થિતિ આજ રહી નથી એવું સાબીત કરી, તીર્થરચ-ના, સાહ્રાઇમહોત્સવો, અને સ્વામીવાત્સલ્ય આદિમાં વપરાતા લાભદાયક દ્રવ્યના પ્રવાહને જ્ઞાનવૃદ્ધિ તથા શ્રાવક અને જીર્ણ ચૈત્યના ઉદ્ધાર તરફ વાળવા સંબંધી સ્વતંત્ર વિચારનું વાતાવરણ તેમના કોમળ હૃદયમાં ફેલાવજો, અને તેમ કરીને દલપ-તરામ ના ' લઘુવૃક્ષ વાળ્યું વળે જેમ વાળો ' આ ચરણની સાર્થકતા જોજો. એમ કરશો તો જૈનદર્શનનો નભોમણિ વિશ્વરૂપી ગગનાંગણમાં સંપૂર્ણપણે પ્રકાશશે. કોન્ફરન્સ મહાદેવીએ સૂચવેલું ચાર આનાનું ફંડ તદ્દન નજીવું છતાં દરવર્ષે લાખોની આવકવાળું છે ને તેના વગર તે મહાદેવી સીદાય તેમ છે, તેવા પ્રકારનું વિચારામૃત તેમના કર્ણમાં રેડજો. એક સ્થળના ચૈત્યવિરાજિત ભગવાન્ સુવર્ણ અને રત્નજડિત આભૂ-ષણોથી મંડિત હોય અને અન્યસ્થળે રૂપાનાં પણ મેળવવા મુશ્કેલી નડતી હોય, એક સ્થળે અગર કસ્તૂરી અત્તર અને કેશરથી વિલેપન થતું હોય અને ઇતર સ્થળે ચંદન માટે પણ ફાંફાં મારવા પડતાં હોય, એક સ્થળે ચિત્રવિચિત્ર લાદીઓથી કે આરસથી રંગમંડપની ભૂમિ દેવસભાનું ભાન કરાવતી હોય અને અન્ય સ્થળે સારી ભૂમિકાનું પણ જિનઘર ન હોય અને પૂર્વનું હોય તે ડગમગ સ્થિતિમાં હોય તે વાસ્તવિક નથી એમ સમજાવી પ્રભુ આપણને દરેક સ્થળે સરખી રીતે પૂજનીય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાધનીય છે, માટે કોઇ સ્થાને આશાતના થતી હોય તો તે નિવારવા તથા ઉપરની સ્થિતિઓ દૂર કરવા વિવેક પૂર્વક એક ચૈત્યનું દ્રવ્ય બીજા ચૈત્યમાં આપી દેવાનું ઉદાર તત્ત્વ તેમના અંતઃકરણમાં ઠસાવજો. એક સ્થળે ઉત્તમ ભોજન તથા વસ્ત્ર પાત્ર અને શયનનો ઉપભોગ થતો હોય અને અન્ય સ્થળે પોતાના ભાઈઓને ખાવાના અને પહેરવા ઓઢવાના પણ સાંસા હોય તે કેટલું બધું આપણને શરમાવનારૂં ગણાય, એમ કહી હૃદયવેધક અને ચિત્તાકર્ષક ચિતાર પ્રત્યક્ષ કરી તેમના હૃદયમાં અનુકંપાનું તત્ત્વ સ્થાપિત કરજો. મૂંગા પ્રાણીઓની સારવાર કરવાનું અને તેઓની પાંજરાપોળોમાં શી સ્થિતિ છે તે તપાસવાનું કથન તેમની આગળ કરજો. વિદેશી વસ્તુઓના પ્રચારથી આપણે ભ્રષ્ટ અને નિર્ધન થઇ ગયા છીએ માટે ગમે તેવું મોંઘું અને અણગમતું હોય તોપણ તમારા ધર્મની ખાતર–તમારી માતૃભૂમિની ખાતર સ્વદેશી વસ્તુ વાપરવાનું એક વ્રત લેજો. એમ દૃઢપણે સમજાવતાં 'આંગ્લભૂમિના મનુષ્યો કેવી રીતે હિંદુસ્તાનમાં આવ્યા અને કેવી રીતે, કેવી યુક્તિથી ફાવ્યા' તે જણાવજો અને તમે પણ તેવું વર્ત્તન રાખજો. તમારૂં વર્ત્તન ઊંચું હશે તોજ તમે તેમના પર અસર કરી શકશો. માટેજ મેં ઉપર જણાવ્યું છે કે તમારો દરજ્જો ઘણો જોખમ ભરેલો છે. માટે આથી અન્યથા વર્તી અનિષ્ટ આચરણવાળાં માબાપોની પેઠે તમે પણ ઉછરતી સંતતિના શત્રુ થશો નહીં. 'કોન્ફરન્સ તે તમે છો અને તમારાથી કોન્ફરન્સ બને છે. ડબાઓના સમૂહને એન્જિન જોડયું હોય ત્યારે તે ટ્રેઇન કહેવાય છે, પણ ડબાઓને જૂદા જૂદા કરી નાખવાથી ટ્રેઇન જેવી વસ્તુનું નામ પણ રહેતું નથી' એ રીતિથી અન્યોઅન્ય સંબંધ દર્શાવી તેના અશેષ ઠરાવોનો અમલ કરવાના વિચારો જો ફેલાવશો તો કોન્ફરન્સના ઉપદેશકો જે નહીં કરી શકે તે તમે કરી શકશો. મૈત્ર્યાદિ ચાર ભાવનાનું ઉત્તમ શિક્ષણ આપી જગતના સર્વ જીવો પ્રત્યે પિતામાતા અને બંધુભગીની ભાવ રાખતાં શિખડાવજો.

પ્રિય ભ્રાતૃગણ ! મુનિ મહારાજો કેવળ નિવૃત્તિમાર્ગનો ઉપદેશ કરે છે, સંસાર દુઃખમય છે એમ દાખલા દલીલથી સમજાવી તેનાથી ઉદ્વિગ્ન થવાનું કથન કરે છે, પણ તેમાં ઘણી વખત શ્રોતાઓનો અધિકાર જોવામાં આવતો નથી. ભિન્ન ભિન્ન રૂચિ, લાલસા અને તૃષ્ણાવાળા અને સંસારમાં મશગૂલ પ્રાણીઓને આ ઉપદેશ કેટલો અસર કરે છે તે આપણે જોઇ શકીએ છીએ. બાળ યુવાન અને વૃદ્ધ સર્વને એક સરખો ઉપદેશ ઉપયોગી નથી. તેઓ પ્રવૃત્તિ માર્ગનો ઉપદેશ દેતાં ડરે છે. પણ આપણે જાણીએ છીએ કે વિવેકવિલાસ, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધગુણ વર્ણન અને તેવા બીજા ગ્રંથો પ્રરૂપતાં પૂર્વાચાર્યોએ અંતિમ હેતુ ઉપર દૃષ્ટિ રાખી કામ લીધું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેવી દૃષ્ટિ રાખીને વર્ત્તમાન મુનિ મહારાજાઓએ શ્રાવકોને તેઓનો ગૃહસંસાર કેમ નિષ્પાપ અને આનંદદાયક બને તેવો ઉપદેશ આપવો યોગ્ય છે. વળી કોન્ફરન્સ શું છે, તેના શા હેતુઓ છે, તેની સાથે શ્રાવકોનો શો સંબંધ છે, તેમાં ભાગ લેનારા પ્રતિનિધિઓ કેવા હોવા જોઇએ, કોન્ફરન્સના હેતુઓ ફળીભૂત કરવા માટે તેઓએ શું કરવું જોઇએ, તેઓની શી જોખમદારી છે વિગેરે બાબતો ઉપર કટિબદ્ધ થઇ અસરકારક વ્યાખ્યાનો આપે તો તેઓ જે સચોટ અસર કરી શકે તેના સોમે ભાગે પણ શ્રાવક વક્તાઓ કરી શકે તેમ નથી. કારણકે તેઓનું વર્ત્તન ઉંચું છે. શ્રાવક વક્તાઓ પ્રાયઃ પોતાના શબ્દો પ્રમાણે વર્ત્તતા નથી તેથી તેઓનાથી થયેલી અસર અલ્પ કાળ પણ ટકતી નથી. વળી તેઓ વર્ષમાં માત્ર બે ત્રણ દિવસ પોતાને મળેલા વખતના પ્રમાણમાં બોલે છે અને તેમાં પણ કોઇની શરમમાં દબાઇ જઇ સ્વતંત્ર વિચારો જાહેર કરી શકતા નથી; અને મુનિરાજોએ તો શ્રાવકક્ષેત્ર સુધારવાનું વ્રત લીધું છે, તેઓને નિરંતર એ કામ કરવાનું છે, તેઓને કોઇની સ્હેમાં દબાવું પડતું નથી; પણ કોણ જાણે શું છે કે આપણા દુર્ભાગ્યે તેઓ આવા ઉપદેશ તરફ દુર્લક્ષ્ય દાખવે છે. આપણે તેમને આવા ઉપદેશો દેવાની વિનંતિ કરીએ તથા પોતાનું જીવન આવા કાર્યોમાં ગાળવાનું સૂચવીએ તો તે અપ્રાસંગિક નહીં ગણાય. પંચમકાળમાં આપણને તેઓનુંજ શરણ ઇષ્ટ છે. તેઓ પૂજ્યની ભૂલ કાઢવી એ મારા જેવા પામરની યોગ્યતાની બહાર છે. આને માટે તેમની ક્ષમા ચાહી તેમને વિનવું છું કે તમે તમારી યોગ્યતા પ્રમાણે શ્રાવકવર્ગનું હિત થાય તેવો ઉપદેશ નિરંતર આપશો તો અમુક કાળે તેનાં ફળ નજરે જોઇ શકશો.

પાઠશાળાના આગેવાનો ! આવા પ્રકારનું નૈતિક શિક્ષણ તમારી રૂબરૂ પાઠશાળામાં અપાય તેવો પ્રબંધ તમે રચજો અને તમે નિરંતર તેવે વખતે હાજર રહેજો.

શ્રેયસ્કર મંડળ તથા વિદ્યા પ્રસારક વર્ગના સ્થાપકો આ બાબતને ઉપયોગી ગણી પોતાના પરીક્ષકોને ભાષણ આપતી વખતે નૈતિક કેળવણી ઉપર ભાર દેવા તથા નૈતિક અને ધાર્મિક કહેવતોના બોર્ડો દરેક પાઠશાળામાં મ્હોટા અક્ષરથી લહીયા પાસે લખાવી અથવા છપાવી રાખવા સૂચના કરશે એવી આપણે આશા રાખીશું.

શાસનદેવતા આપણા શ્રાવકવર્ગને સુધારવા સર્વને સન્મતિ આપે એવું ઇચ્છી, પ્રાર્થી, જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો તેને માટે મિથ્યાદુષ્કૃત દઇ અત્ર વિરમું છું.

વીતરાગ ચરણોપાસક

દુલ્લભદાસ કાળીદાસ શાહ,

માંગરોળ.

આ લેખનો ઘણો ભાગ ગ્રાહ્ય છે. તેની સાધ્યદૃષ્ટિ સારી છે. માટે તેના આશયને સમજી 'જૈન વર્ગનું હિત કેમ થાય?' તેનો પૂર્ણ વિચાર કરી દરેકે તેવે માર્ગે પ્રવૃત્તિ કરવી યોગ્ય છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हीर प्रश्नमांथी केटलाएक प्रश्नोत्तर.

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૦ થી.)

પ્રશ્ન—તીર્થંકરના જીવોને નરકમાં પરમાધામીની કરેલી પીડા હોય કે નહીં?

ઉત્તર—એમાં કાંઇ એકાંત જાણેલ નથી.

પ્રશ્ન—દેશવિરતિપણામાં ચક્રિપદનો બંધ થાય કે નહીં?

ઉત્તર—એમાં પણ એકાંત જાણેલ નથી.

પ્રશ્ન—કૃષ્ણ પાંચમે ભવે સિદ્ધિ પામશે એમ શ્રી નેમિચરિત્રમાં કહ્યું છે, અને ક્ષાયિક સમકિતીને ઉત્કૃષ્ટા ચાર ભવજ હોય એમ અન્યત્ર કહેલ છે તો તેની સંગતિ શી રીતે કરવી?

ઉત્તર—કૃષ્ણના પાંચ ભવ આશ્રી મતાંતર છે. કારણકે ધર્મોપદેશમાળાની વૃત્તિમાં શ્રી નેમિનાથે કૃષ્ણે જ્યારે નરકે જવાની વાત સાંભળી વિષાદ કરવા માંડ્યો ત્યારે કહ્યું છે કે-'હે કૃષ્ણ! શોચ કરશો નહિ. કારણકે નરકમાંથી નીકળીને આજ ભરતક્ષેત્રમાં શતદ્વાર નગરને વિષે જિતશત્રુ રાજાના પુત્ર અગ્યારમા **અમમ** નામે તીર્થંકર તમે થશો.' આ અક્ષરોને અનુસારે ત્રણ ભવજ થાય છે. તત્ત્વ કેવળી જાણે.

પ્રશ્ન—જ્ઞાતાધર્મકથામાં શ્રીમલ્લિ જિનને દીક્ષાને દિવસેજ કેવળજ્ઞાનની ઉત્પત્તિ કહી છે અને આવશ્યક નિર્યુક્તિમાં અહોરાત્ર (આઠ પહોર)નો છાદ્મસ્થ્ય કાળ કહ્યો છે તે કેમ ઘટે?

ઉત્તર—જ્ઞાતાધર્મકથાની વૃત્તિમાં કહ્યું છે કે 'જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તેજ પોસ શુદિ એકાદશીના અપરાહ્નકાળે પાછલે પહોરે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું' અને આવશ્યકમાં 'પૂર્વાહ્નકાળે અને માગશર શુદિ એકાદશીએ' એમ કહ્યું છે. તેમજ તેમાંજ અહોરાત્રનો છદ્મસ્થ પર્યાય પણ કહ્યો છે. તેથી એનો અભિપ્રાય બહુશ્રુત જાણે.

પ્રશ્ન—પૌષધવાળી સ્ત્રીઓ માર્ગમાં દેવગુરૂનું ગાન કરે છે, તે વાત ક્યાં કહી છે ને તે શી રીતે ઘટે?

ઉત્તર—એ રીતિ શાસ્ત્રોક્ત નથી એમ જાણવું.

પ્રશ્ન—પહોર રાત્રિ ગયા પછી ગાઢ સ્વરે ન બોલવું એવું વૃદ્ધવાક્ય સાંભળ્યા છતાં પણ શ્રાવકો રાત્રિ જાગરણ (રાતિજગો) કરે છે,તો તે વાતને શો આધાર છે?

ઉત્તર—પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધાદિ સર્વથા ઉપદેશ આપેજ નહીં એવો નિષેધ સિદ્ધાંતમાં દીઠો નથી.

પ્રશ્ન—ભરતક્ષેત્ર સંબંધી છ ખંડના નામ શું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—તપસ્યાદિના મહોત્સવમાં રાત્રિજાગરણ કરવાનું દેખાય છે તેને માટે પરંપરાનોજ આધાર છે.

પ્રશ્ન—નવ વ્યાખ્યાનવડે કલ્પસૂત્ર વાંચવામાં આવે છે, કેટલાક વધારે વ્યાખ્યાનવડે પણ વાંચે છે. તો તેને માટે લેખ કયાં છે?

ઉત્તર—પરંપરાથી નવ વ્યાખ્યાનવડેજ શ્રી કલ્પસૂત્ર વંચાય છે. અંતર્વાચ્યમાં નવ વ્યાખ્યાન કરવાના અક્ષરો પણ છે. અધિક વ્યાખ્યાનવડે કલ્પસૂત્ર વાંચે છે તે તથાવિધ સુવિહિત ગચ્છપરંપરાને અનુસરતું તેમજ પૂર્વોક્ત અક્ષરોને અનુસરતું જણાતું નથી.

પ્રશ્ન—' રાજગૃહ નગરે ગુણશિલ ચૈત્યે શ્રી મહાવીરે કલ્પસૂત્ર પ્રકાશ્યું ' એમ કલ્પાધ્યયનમાં કહ્યું છે અને કલ્પસૂત્રની વૃત્તિ વગેરેમાં તો 'શ્રી ભદ્રબાહુ સ્વામિપ્રણિત કલ્પસૂત્ર છે' એમ કહ્યું છે તો તે કેમ ઘટે?

ઉત્તર—શ્રી મહાવીરે કલ્પસૂત્ર અર્થથી પ્રકાશ્યું, ગણધરે સૂત્રથી નિબદ્ધ કર્યું, ત્યારપછી શ્રી ભદ્રબાહુ સ્વામીએ નવમા પૂર્વમાંથી દશાશ્રુતસ્કંધ ઉદ્ધર્યું ત્યારે તેના આઠમા અધ્યયનરૂપે શ્રી કલ્પસૂત્ર પણ ઉદ્ધર્યું. આ પ્રમાણે હોવાથી બંને વાત ન ઘટે તેવું નથી.

પ્રશ્ન—શ્રી આદિનાથના સમયમાં તાલફળના પડવાથી યુગલિક પુરૂષ મરણ પામ્યો એમ કહ્યું છે, પરંતુ યુગલિકનું તો અકાળ મરણ થતું નથી તો તે વાત શી રીતે ઘટે?

ઉત્તર—'ક્રોડ પૂર્વથી અધિક આયુષ્યવાળા યુગળિક ન્યૂન આયુષ્યે મૃત્યુ ન પામે' એમ કહ્યું છે અને આદિનાથને વારે તાળ ફળથી મરણ પામેલા યુગળિકનું આયુષ્ય ક્રોડ પૂર્વથી અધિક નહોતું તેથી એમાં કાંઇ વિરોધ નથી.

પ્રશ્ન—શ્રી શત્રુંજયની ઉપર પાંચ પાંડવોની સાથે વીશ કોડી મુનિ સિદ્ધિપદને પામ્યા એમ શ્રી શત્રુંજય કલ્પ વિગેરેમાં કહ્યું છે તો તે કોડી વીશ સંખ્યાવાળી સમજવી કે સો લાખ વાળી સમજવી?

ઉત્તર—સો લાખ રૂપ કોડી જાણવી. વીશ સંખ્યાવાળી ન જાણવી.

પ્રશ્ન—જ્ઞાતાધર્મકથામાં નવમા અધ્યયનમાં રત્નદ્વીપની દેવી મૂળ શરીરે સમુદ્ર શોધવા માટે ગઇ એમ કહ્યું છે પણ મૂળ શરીરે દેવોને અન્યત્ર જવું શી રીતે ઘટી શકે?

ઉત્તર—રત્નદ્વીપની દેવી મૂળ શરીરે બીજે ન જાય એવો નિષેધ જાણ્યો નથી.

પ્રશ્ન—તીર્થંકરોના આંતરામાં સાધુ વિગેરેનો વિચ્છેદ થયે સતે કોઇ સ્વયંબુદ્ધ વગેરેને કેવળજ્ઞાન ઉપજે તો તે ધર્મોપદેશ આપે કે નહીં?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર— પ્રત્યેક બુદ્ધ, સ્વયંબુદ્ધાદિ સર્વથા ઉપદેશ આપેજ નહીં એવો નિષેધ સિદ્ધાંતમાં દીઠો નથી.

પ્રશ્ન—ભરતક્ષેત્ર સંબંધી છ ખંડના નામ શું ?

ઉત્તર—દક્ષિણાર્ધમાં ગંગા સિંધુની મધ્યમાં રહ્યો તે મધ્યખંડ, ગંગાની પૂર્વ દિશાએ રહ્યો તે ગંગાનિષ્કુટખંડ, સિંધુ નદીની પશ્ચિમે રહ્યો તે સિંધુનિષ્કુટખંડ; એજ પ્રમાણે ઉત્તરાર્ધના ત્રણ ખંડનાં નામ પણ જાણી લેવાં.

**પ્રશ્ન—जइआ होई पुच्छा, जिणाणमग्गंमि उत्तरं तइया । इक्कस्स निगोअस्स, अणंतभागो उ सिद्धिगउ ॥ १ ॥** આ ગાથાનો અર્થ યુક્તિગ્રાહ્ય છે કે આજ્ઞાગ્રાહ્યજ છે ?

ઉત્તર—એ ગાથાનો અર્થ મુખ્ય વૃત્તિએ તો આજ્ઞાગ્રાહ્યજ છે, પરંતુ તેમાં યુક્તિ પણ વર્તે છે તે આ પ્રમાણે—જો અનાદિ કાળથી સિદ્ધ થયેલા સર્વ સિદ્ધોને એક નિગોદના અનંતમે ભાગે કહ્યા, તો પછી બીજા અનંત કાળ ગયા પછી પણ તેનું નિગોદના અનંતમા ભાગપણું ટળી શકતુંજ નથી. તે ઉપર દૃષ્ટાંત કહે છે કે—જંબૂદ્વીપાદિકમાં રહેલી લાખો નદીઓ પ્રતિવર્ષ કચરો વિગેરે લાવી લાવીને સમુદ્રમાં ક્ષેપન કરે છે તથાપિ સમુદ્રમાં પૂરણી થઈને સ્થળ થયું નહીં અને જંબૂદ્વીપાદિકમાં મોટા ખાડા પડી ગયા નહીં. એ પ્રમાણે અનંત કાળે પણ સિદ્ધિક્ષેત્ર જીવોથી ભરાય નહીં અને સંસાર જીવથી ખાલી થાય નહીં એમ સમજવું.

પ્રશ્ન—શ્રી મહાવીર સ્વામીનું આયુષ્ય ૭૨ વર્ષનું કહ્યું છે અને તેમનો જન્મ ચૈત્ર શુદિ ત્રયોદશીએ ને નિર્વાણ આસો વદિ અમાવાસ્યાએ છે, તો તે શી રીતે ૭૨ વર્ષ સમજવાં ?

ઉત્તર—તેઓ અશાડ શુદિ છઠ્ઠે ગર્ભમાં આવીને ઉત્પન્ન થયા તે દિવસથી આરંભીને આયુ ગણવાથી ૭૨ વર્ષ થાય. બાકી કાંઇક ન્યૂન અથવા કાંઇક અધિક દિવસો કે મહિના હોય તો તે અલ્પપણાથી અથવા સહજ અધિકપણાથી તેની વિવક્ષા કરી નહીં હોય એમ સંભવે છે. તે સંબંધી નિર્ણય તો વ્યક્ત ગ્રંથાક્ષર જોયા વિના કેમ કહી શકાય ?

પ્રશ્ન—સ્થૂળભદ્રનો ભાઈ શ્રીયક મરણ પામીને કયાં ગયો ?

ઉત્તર—શ્રી પરિશિષ્ટ પર્વમાં સામાન્યથી દેવલોકે ગયાનું કહ્યું છે.

પ્રશ્ન—'સાધ્વી શ્રાવકોની આગળ વ્યાખ્યાન ન કરે' એવા અક્ષર કયા ગ્રંથમાં છે ?

ઉત્તર—દશવૈકાલિક વૃત્તિ પ્રમુખ ગ્રંથોમાં 'યતિ કેવળ શ્રાવિકાઓની સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે વ્યાખ્યાન ન કરે, રાગ હેતુ છે માટે.' એમ કહ્યું છે તે અનુસારે 'સાધ્વી પણ કેવળ શ્રાવકોની સભા પાસે વ્યાખ્યાન ન કરે, રાગ હેતુ છે માટે.' એમ જાણી શકાય છે.

પ્રશ્ન—ભ્રમરીના ચટકાથી ઇયળ મટીને ભ્રમરી થઈ જાય એમ કહ્યું છે, પણ તેઇંદ્રી ઇયળ કીટીને ચોરેંદ્રી ભ્રમરી શી રીતે થાય ?

ઉત્તર—ઇળિકાના કલેવરમાં તે ઇળિકાનોજ જીવ અથવા બીજો જીવ ભ્રમરીપણે આવીને ઉપજે એમ સમજવું.

પ્રશ્ન—કેવળ ઉનનું વસ્ત્ર શરીરના સંપર્કમાં રહેવાથી સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય કે નહીં ?

ઉત્તર—કેવળ ઉનના વસ્ત્રમાં શરીરના સંપર્કથી ઘણી જુ ઉપજે એવા અક્ષરો છેદ ગ્રંથમાં છે, સંમૂર્છિમ (પંચેંદ્રી) ની ઉત્પત્તિના અક્ષરો નથી.

પ્રશ્ન—મહાવિદેહમાં શ્રી સીમંધર સ્વામીને સ્થાને જે તીર્થંકર ઉપજશે તેનું નામ શું તથા તેમના વસ્ત્રના વર્ણાદિની વિધિ કેવી રીતે સમજવી ?

ઉત્તર—શ્રી સીમંધર સ્વામીને સ્થાને ઉપજનાર તીર્થંકરનું નામ શાસ્ત્રમાં જોવામાં આવ્યું નથી, અને તેમના વસ્ત્રના વર્ણાદિકની વિધિ તો અહીંના અજિતાદિ બાવીશ તીર્થંકરોના સમય પ્રમાણે જાણવી.

પ્રશ્ન—વિહરમાણ વીશ તીર્થંકરોના માતપિતાનાં તથા આયુઆદિકનાં નામ કયા શાસ્ત્રમાં છે ?

ઉત્તર—છુટાં પાનાં વિગેરેમાં લખેલાં છે.

પ્રશ્ન—અષ્ટાપદ પર્વત ઉપર પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી અને તે વાત ક્યાં કહી છે?

ઉત્તર—શ્રીઋષભદેવના શિષ્યે પ્રતિષ્ઠા કરી એમ શ્રીશત્રુંજયમહાત્મ્યમાં કહેલું છે.

પ્રશ્ન—દ્રૌપદીએ નવ નિયાણામાંથી કયું નિયાણું કર્યું હતું ?

ઉત્તર—શ્રી જ્ઞાતાધર્મકથામાં કહેલા દ્રૌપદીના સંબંધને અનુસારે તેણે ચોથું નિયાણું કર્યું હતું એવો સંભવ થાય છે; પણ અધ્યવસાયની મંદતા હોવાથી તેના નિયાણાપણાના અભાવને લીધે દ્રૌપદીને ચારિત્ર પ્રાપ્ત થયું એમ લાગે છે. બાકી તેણે અમુક જાતિનું નિયાણું કર્યું હતું એવા સ્પષ્ટ અક્ષર કોઈ ગ્રંથની અંદર જોવામાં આવ્યા નથી.

પ્રશ્ન—શાશ્વત મેરૂ શ્રીમહાવીરે શી રીતે ચળાવ્યો અને તે વાત ક્યાં કહેલી છે?

ઉત્તર—જેમ શાશ્વતી રત્નપ્રભા પૃથ્વી દેવાનુભાવે અથવા સ્વભાવે કંપાયમાન થાય છે, તેમ શ્રી મહાવીરના ચરણના અંગુઠાના બળના પ્રભાવથી શાશ્વત મેરૂનો કંપ થયાનું પણ જાણવું. એ સંબંધી અક્ષરો શ્રી વીરચરિત્ર પ્રમુખ ગ્રંથોમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन श्वेताम्बर संप्रदायना संस्कृत ने मागधी भाषाना हालसुधीमां छपायेला ने छपाता ग्रंथोनी टुंकी नोंध.

આ લેખ જૈનસાહિત્ય પૈકી સંસ્કૃત અને માગધી ભાષાના છપાયેલા ને છપાત ગ્રંથો પરત્વે લખવામાં આવ્યો છે. પ્રારંભમાં અમદાવાદવિદ્યાશાળા અને ભીમશી માણેકે ગ્રંથો પ્રસિદ્ધ કરવાના કાર્યની શરૂઆત કર્યા પછી છુટક છુટક વ્યક્તિઓએ તેમજ નવી નવી સંસ્થાઓએ ગ્રંથો છપાવવાનું કામ શરૂ કર્યું છે; પરંતુ તેઓ પૈકી સંસ્કૃત ને માગધી સાહિત્ય પ્રગટ કરવાનું કામ બહુ થોડી સંસ્થાઓએ અને અમુક વ્યક્તિઓએજ હાથ ધર્યું છે.

૧ ભીમશી માણેક તરફથી પ્રકરણ રત્નાકરના ૪ ભાગોમાં કેટલાક ગ્રંથો બાળાવબોધ સાથે છપાયા બાદ બહુજ થોડા સંસ્કૃત ગ્રંથો છપાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છેઃ તેમાં પણ જે છપાયા છે તે ભાષાંતર સાથેજ છપાયા છે. વૈરાગ્ય કલ્પલતા અને પ્રાકૃતવ્યાકરણ ઢુંઢીકા ( ટીકા ) સાથે—આ બે ગ્રંથો અધુરા રહ્યા છે, પૂર્ણ કરવામાં આવ્યા નથી; તે પુરા થવાની જરૂર જેવા છે. તે શિવાય દશવૈકાલિકસૂત્ર હારિભદ્રી ટીકાયુક્ત, કલ્પસૂત્ર મૂળ, ભક્તામર સટિક, કલ્યાણમંદિર સટિક, જીવ વિચારાદિ પ્રકરણો, આચારોપદેશ ભાષાંતરયુકત, જૈનકુમાર સંભવ, હારિભદ્રી અષ્ટક, સિંદુરપ્રકર સટિક, કર્પુરપ્રકર, હિંગુળપ્રકર, કસ્તુરીપ્રકર, ધર્મ સર્વસ્વ વિગેરે ભાષાંતર સાથે છપાયા છે. ઉપરાંત રાસો વિગેરે ગુજરાતી ભાષાનું સાહિત્ય ઘણું પ્રગટ કરવામાં આવ્યું છે.

૨ અમદાવાદ વિદ્યાશાળા તરફથી પ્રથમ બે પ્રતિક્રમણ, પાંચ પ્રતિક્રમણ, પ્રકરણમાળા, પૂજાસંગ્રહ વિગેરે શિલાછાપમાં છપાયા બાદ ટાઈપમાં પણ કેટલાક ભાષાંતરો પ્રગટ કરવામાં આવ્યા છે. સંસ્કૃત માગધી ગ્રંથો પ્રગટ કરવાનું કામ વિશેષે હાથ ધરવામાં આવ્યુંજ નથી. માત્ર સુલસા ચરિત્ર ભાષાંતર સાથે અને કર્પુર પ્રકર ટીકા સાથે બહાર પાડેલ છે. ભાષાંતરમાં ઋષિમંડળનું ભાષાંતર અરધું બહાર પડયું છે તે પુરૂં થવાની જરૂર છે.

૩ મુંબઈ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી કાંઇક વધારે આશા બાંધવામાં આવી હતી, પણ હાલ તો નવું કામ બંધ પડયું છે. તેમના તરફથી સંસ્કૃત સાહિત્ય પૈકી સમરાદિત્ય સંક્ષેપ, શ્રાવક પ્રજ્ઞપ્તિ સટિક અને સોમસૌભાગ્ય કાવ્ય ભાષાંતર સાથે બહાર પડેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ શા. રા. તુકારામ જાવજી ( નિર્ણયસાગર પ્રેસના માલિક ) તરફથી બહાર ..ા કાવ્યમાળા નામના માસિકમાં ઘણા જૈન ગ્રંથો બહાર પડ્યા છે. પરંતુ તેમાં ઘણા ભાગ દિગંબર ગ્રંથોનો છે. શ્વેતામ્બર ગ્રંથો તિલકમંજરી, હિરસૈભાગ્ય ..., અધ્યાત્મ કલ્પદ્રુમ સટિક, કાવ્યાનુશાસન બંને સટિક, વાગ્ભટ્ટાલંકાર, કા..રી જૈન ટીકા સાથે, સારસ્વત જૈન ટિકા ( ચંદ્રકીર્તિ ) સાથે, અભિધાન સંગ્રહ ..બીજામાં અભિધાન ચિંતામણિ વિગેરે જૈન કોષો, કાવ્યમાળાના ૭ મા ગુચ્છકમાં ..સ્તોત્રો, સત્ય હરિશ્ચંદ્ર નાટક. બાલભારત, જયંતવિજય વિગેરે બહાર પડેલા ..હાલમાં મલધારી દેવપ્રભસૂરિકૃત પાંડવચરિત્ર છપાય છે.

૫ બંગાળા એશિયાટિક સોસાઈટી તરફથી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ( તે..અંકમાં ), તત્વાર્થ ભાષ્ય સહિત ( ત્રણ અંકમાં ), પરિશિષ્ટ પર્વ ( પાંચ અં..). ઉપાસકદશાંગ ( છ અંકમાં ) ઇત્યાદિ ગ્રંથો ખાસ સંસ્કૃતમાંજ બહાર ..ા છે. હાલમાં નીચે જણાવેલા ગ્રંથો છપાય છે.

| | |
|---|---|
| ષડ્દર્શન સમુચ્ચય ટિકા સહિત. | યોગશાસ્ત્ર સટિક. |
| સમરાઈચ્ચકહા માગધી. | શાંતિનાથ ચરિત્ર પદ્યબંધ. |

૬ ભાવનગરમાં શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી ચાલતા ગ્રંથપ્રસિદ્ધિ ..ા તરફથી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યકૃત શબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ લઘુ ન્યાસ ..., ન્યાયખંડખાદ્ય તથા ન્યાયાલોક બહાર પડેલ છે; અને હાલમાં નીચે લખેલા ..ા છપાય છે.

| | |
|---|---|
| ભાષા રહસ્ય | તત્વાર્થ સટીક. |
| પ્રમાણમિમાંસા | પ્રમાણલક્ષ્ય ને પ્રમાણકલિકા (તૈયાર થાય છે.) |

૭ શ્રી બનારસ યશોવિજય ગ્રંથમાળામાં નીચે લખેલા ગ્રંથો પ્રસિદ્ધ થઇ ..ા છે.

| | |
|---|---|
| પ્રમાણનયતત્વાલોકાલંકાર મૂળ. | હૈમલિંગાનુશાસન અવચૂરિયુક્ત. |
| સિદ્ધહૈમશબ્દાનુશાસન લઘુવૃત્તિ. | ગુર્વાવળી. |
| સ્યાદ્વાદમંજરી ... એ પરિચ્છેદ. | સિદ્ધહૈમ શબ્દાનુશાસન મૂળ. |
| જૈનસ્તોત્ર સંગ્રહ ભાગ ૧--૨ | મુદ્રિત કુમુદચંદ્ર પ્રકરણ. |
| ક્રિયારત્ન સમુચ્ચય. | કવિકલ્પદ્રુમ |

નીચે લખેલા ગ્રંથો છપાય છે.

| | |
|---|---|
| સન્મતિ તર્ક ( સટીક ) | વિજય પ્રશસ્તિ કાવ્ય. |
| અનેકાંતજયપતાકા સટિક | શાળિભદ્ર ચરિત્ર. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાય મંજૂષા. રત્નાકરાવતારિકા ( બીજા પરિચ્છેદથી

૮ શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી હાલ સુધીમાં નીચે લખે ગ્રંથો બહાર પડ્યા છે.

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ( ૩૫૦૦૦ શ્લોક ).
દ્રવ્ય સપ્તતિકા સટિક ભાષાંતરયુક્ત.
લોકતત્ત્વનિર્ણય ભાષાંતર યુક્ત.
હૈમ લઘુ પ્રક્રિયા.
અભિધાન ચિંતામણિ મૂળ.
વર્દ્ધમાન દ્વાત્રિંશિકા સટિક.
શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર માગધી.
પ્રબોધ ચિંતામણિ.
શ્રી હરિભદ્રસૂરિકૃત ગ્રંથમાળા.
શ્રી સિદ્ધસેનદિવાકરકૃત ગ્રંથમાળા.
શ્રી યશોવિજયજીકૃત ગ્રંથમાળા (દશ ગ્રંથોનો સંગ્રહ.)

નીચે જણાવેલા ગ્રંથો છપાય છે.

શ્રી વાસુપૂજ્ય ચરિત્ર પદ્યબંધ શ્રીવર્દ્ધમાનસૂરિકૃત.
શ્રી યોગબિંદુ સટિક.
શ્રી દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા સટીક.
શ્રી કર્મ ગ્રંથ દેવેંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞટિકાયુક્ત.
શ્રી શાંતિનાથ ચરિત્ર ગદ્યબંધ.
શ્રી પ્રશમરતિ સટિક ( શરૂ થયું છે. )
શ્રી પંચાશક સટિક ( તૈયાર થાય છે. )
શ્રી પરિશિષ્ટ પર્વ.[૧]

૯ શ્રી પાલીતાણા વિદ્યાપ્રસારક વર્ગ તરફથી નીચે જણાવેલા ગ્રંથો હાલ સુધી હાથ ધરવામાં આવ્યા છે.

ધર્મસંગ્રહ ભાષાંતર યુક્ત. સુમારે છઠ્ઠો ભાગ છપાયેલ છે.
ધર્મરત્ન ,, ત્રણ ભાગમાં પૂર્ણ થયેલ છે.
ઉપદેશ રત્નાકર ,, પૂર્વાર્ધ.
ઉપદેશપદ ,, પૂર્વાર્ધ.
શ્રેણિક ચરિત્ર ( દ્વાશ્રય ) પૂર્વાર્ધ.

પાછળના ત્રણ ગ્રંથો પૂર્ણ થવાની જરૂર જેવા છે. પ્રથમનો ગ્રંથ પ્રારંભ આખો શુદ્ધ છપાવા યોગ્ય છે.

---

૧ કલકત્તામાં છપાયેલ હાલમાં નહીં મળવાથી વધારે શુદ્ધ કરી કેટલાક પર્વો ૨ છપાવવા તૈયાર કરેલ છે.

For Private And Personal Use Only

૧૦ ભાવનગર આત્માનંદ સભા તરફથી જીવવિચાર, નવતત્ત્વ ને દંડક અવચૂરિ ભાષાંતર સહિત બહાર પાડવામાં આવેલ છે. હાલમાં કુમારવિહાર શતક સટિક, ધર્મ બિંદુ સટિક,[1] અને શ્રાદ્ધગુણ વિવરણ આ ત્રણ ગ્રંથો ભાષાંતર સહિત બહાર પાડવાનું કામ ચાલે છે.

૧૧ શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા તરફથી ૭-૮ ગ્રંથો હિંદી ભાષાંતર સાથે બહાર પાડવામાં આવ્યા છે. તેમાં તત્ત્વાર્થ ભાષ્યયુક્ત અને દ્રવ્યાનુયોગતર્કણા એ બે ગ્રંથો શ્વેતામ્બર સંપ્રદાયના છપાયા છે. હાલમાં સ્યાદ્વાદમંજરી હિંદી અનુવાદ સાથે છપાય છે.

૧૨ જામનગર ખાતે શ્રાવક હીરાલાલ હંસરાજે પ્રથમ લોકપ્રકાશ ( ½ ભાગ જેટલો. દ્રવ્યલોક ) તથા સ્યાદ્વાદમંજરી[2] ભાષાંતર સાથે બહાર પાડ્યા પછી હાલમાં ઘણા ગ્રંથો બહાર પાડેલા છે.

| | |
|---|---|
| ઉત્તરાધ્યયન ટીકા. | સુખબોધિકાવૃત્તિ. |
| શત્રુંજય મહાત્મ્ય. | ધમ્મિલ ચરિત્ર. |
| આત્મ પ્રબોધ. | ગૌતમકુળક લઘુવૃત્તિ. |
| દાનાદિ કુલક વૃત્તિ. | ચોમાસી વ્યાખ્યાન. |
| સુક્તિ મુક્તાવળી. | અઠ્ઠાઈ વ્યાખ્યાન. |
| સમ્યકત્વ કૌમુદી. | શ્રમણ સૂત્રાવચૂરિ. |
| રોહિણીય ચરિત્ર. | પાક્ષિકસૂત્રાવચૂરિ. |
| નાભાકરાજ ચરિત્ર. | યુક્તિ પ્રકાશ સટિક. |
| ઉત્તમકુમાર ચરિત્ર. | શ્રીપાળ ચરિત્ર ( માગધી ને સંસ્કૃત બંને ) |

હાલમાં નીચે જણાવેલા ગ્રંથો છપાય છે એમ તે લખે છે.

| | |
|---|---|
| જીવવિચાર ટીકા. | દંડક ટીકા. |
| ધનપાળ પંચાશિકા ટીકા. | અંબડચરિત્ર. |
| ૧૪ પુરૂષ ચરિત્ર. | ગૌતમ પૃચ્છાવૃત્તિ. |
| તત્ત્વાર્થ વૃહદ્વૃત્તિ[3] | |

૧૩ આ શિવાય જુદી જુદી વ્યક્તિ વિગેરે તરફથી નીચે જણાવેલા ગ્રંથો બહાર પાડવામાં આવેલ છે.

---

૧ આ ગ્રંથ પ્રથમ અમદાવાદમાં જુનેરવાળા તરફથી છપાયેલ છે.

૨ આ ગ્રંથ પ્રથમ બનારસ પછી જામનગર ને હાલમાં મુંબઈ છપાય છે.

૩ આ ગ્રંથ અમદાવાદમાં શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી છપાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અમદાવાદથી )

| | |
|---|---|
| વિવેકવિલાસ ભાષાંતરયુક્ત. | પ્રશમરતિમૂળ. |
| ગુણવર્મા ચરિત્ર. ,, | પયન્ના સંગ્રહ. |
| જગડુ ચરિત્ર ,, | ચઉસરણ પયન્ના વિગેરે. |
| પ્રબંધચિંતામણિ. ,, | રંભામંજરી નાટિકા. |
| સંઘપટ્ટક કાવ્ય ,, | |
| લઘુ વૃહત્ પ્રાકૃત વ્યાકરણ અર્થ સાથે | મીયાંગામથી. |
| જ્ઞાનસાર (અષ્ટક) ભાષાંતર સાથે. | ભાવનગરથી. |
| આચાર પ્રદીપ મૂળ ને ટીકા સાથે | ખેડાથી. |
| ષડ્ દર્શન સમુચ્ચય લઘુટીકા. | બનારસથી. |

( બોમ્બે ગવર્નમેન્ટ તરફથી ).

| | |
|---|---|
| કુમારપાળ ચરિત્ર ( દ્વાશ્રય પ્રાકૃત ) | દેશી નામમાળા. |
| ક્ષત્ર ચુડામણિ.* | પ્રાકૃત લક્ષણ.* |
| હમીર કાવ્ય.* | |

૧૪ આ શિવાય બાબુસાહેબ ધનપતિસિંહજી બહાદુર તરફથી અગ્યાર અં[illegible] ઉવવાઇ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબૂદ્વીપ પન્નત્તિ, નિર્યાવળી (ઉપાંગ[illegible] ઉત્તરાધ્યયન, નંદી, અનુયોગદ્વાર, કલ્પસૂત્ર ને પયન્નાઓ તથા જૈનરામાયણ[૩] ને શ્રાદ્ધ નકૃત્ય–તેમાં અનુયોગદ્વાર સુધીનાં સૂત્રો ટીકા ને મૂળના ભાષાંતર સાથે છપાયેલાં

આટલી ટુંકી નોંધ ઉપરથી આજસુધી છપાએલા ને છપાતા સંસ્કૃત ને મા[illegible]ધી ગ્રંથો સંબંધી હકીકત ધ્યાન પર આવશે. હાલમાં શ્રી જૈન ધર્મ પ્રસારક સ[illegible] શ્રી આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા બનારસ, બંગાળા એશિ[illegible]ટિક સોસાઈટી, શેઠ મનસુખભાઈ ભગુભાઈ તથા શ્રાવક હીરાલાલ હંસરાજ તરફ[illegible] આ સંબંધમાં સારો પ્રયાસ ચાલે છે, તેથી ધારવા પ્રમાણે ટુંકા વખતમાં સારી [illegible] બ્યામાં ગ્રંથો બહાર પડવાનો સંભવ છે.

યુરોપીયન વિદ્વાનો પણ આ સંબંધમાં પ્રયત્ન કરે છે. યોગદૃષ્ટિ સમુચ્ચય ટીકા અને પ્રમેયરત્નકોષ તૈયાર થઇને અમારી તરફ આવેલ છે. તે હવે પ[illegible] છપાવવાના છે.

ઉપર જણાવેલી નોંધમાં કોઇ ગ્રંથ રહી ગયેલ હોય અથવા ફેરફાર લખા[illegible]લ હોય તો અમારી તરફ લખી મોકલવા તસ્દી લેવી, જેથી એવો સુધારો વધ[illegible] ફરીને પ્રગટ કરશું.

* આ ત્રણ ગ્રંથો હાલ મળતા નથી. ૨ શ્રી ત્રિ. શ. પુ. ચરિત્રના ૭ મા પર્વમાં [illegible] ફરીને શુદ્ધ છપાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કૃત ને માગધી ભાષામાં એટલું બધું જૈન સાહિત્ય છે કે ગમે તેટલી સંસ્થાઓ જુદું જુદું એ કામ હાથ ધરે તોપણ વર્ષો પર્યંત ચાલે તેમ છે. ખાસ કરીને વિશેષ શુદ્ધ કરવા અને ઉંચા ટકાઉ કાગળ ઉપર છપાવવાની અમારી ખાસ વિનંતિ છે.

ભાષાંતરો પ્રગટ કરવા કરતાં મૂળ ગ્રંથો શુદ્ધ કરીને છપાવવામાં આવે તો ઘણો લાભ છે. કારણ કે સંસ્કૃત ને માગધી સાહિત્ય એવી ઉંચી પ્રતિનું છે કે અત્યારે તેવું બનાવવાને કોઈ પણ શક્તિમાન નથી; તેથી અનેક ઉપદ્રવોથી વિનાશ થતાં જેટલું બચી રહ્યું છે તેટલું જાળવી રાખવાની આવશ્યકતા છે. દિલગિરી માત્ર એટલીજ છે કે કેટલાએક પુસ્તકભંડારના અધિપતિઓ ને રક્ષકો તેમજ પુષ્કળ પુસ્તકોની સંપત્તિ ધરાવનારા મુનિમહારાજાઓ પોતાની પાસેનાં પુસ્તકોનું લીસ્ટ આપવા જેટલી ઉદારતા પણ બતાવતા નથી. હાલમાં જૈન કોન્ફરન્સ તરફથી જૈન ગ્રંથાવળી બહાર પાડવામાં આવી છે; તેમાં બતાવેલા ગ્રંથો કરતાં લગભગ ડબલ બીજા ગ્રંથો હોવાનો સંભવ છે. તેનાં નામો ને સ્થળો પણ જો બહાર પાડવામાં આવે તો તેનો ઉપયોગ બીજાઓ કરી શકે અને તેનો વિનાશ થતો અટકે. આશા છે કે ઉપર જણાવેલી બંને પ્રકારની વિનંતિ ઉપર તેના લાગતાવળગતાઓ ધ્યાન આપશે કે જેથી આપણો અમૂલ્ય વારસો લાંબા વખત સુધી જળવાઇ રહેશે. તથાસ્તુ.

# हितोपदेश.

( અનુસંધાન પૃષ્ઠ ૯૪ થી. )

૫૨. મેડીસોનના રાજા મહાન સિકંદરની મા ઘણી ઉદ્ધત સ્વભાવની હતી. પોતાના પુત્રના રાજકાજના કામમાં તે વારંવાર આડી આવતી હતી. તથાપિ પોતાની માતાના ઉપર અભાવ નહિ લાવતાં આ મોટા બાદશાહે એશિયાખંડની ચડાઇમાંથી પોતાને મળેલી કિંમતી વસ્તુઓમાંથી કેટલીક તેની માને ભેટ તરીકે મોકલી દીધી, અને એક પત્રથી વિનંતિ કરી કે તેના હાકેમ એન્ટીપિટરને સલાહશાંતિથી રાજ્ય કરવા દેવું. તેની મા તો તેના સ્વભાવ પ્રમાણે એન્ટીપિટરને પજવવા લાગી. હાકેમે તેની મા વિષે સિકંદરને ફરિયાદ કરી ત્યારે સિકંદરે તેને આ પ્રમાણે ઉત્તર આપ્યો—

" મારી માતાના આંસુનું એકજ ટીપું તારા છસો પત્રોને રદ કરવાને બસ છે. કેવો માતૃપ્રેમ!

આ દૃષ્ટાંતથી આજના સ્વચ્છંદી પુત્રો યા પુત્રીઓએ પોતાના માબાપ પ્રત્યે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી રીતે વર્તવું જોઇએ તેનો પુરતો ખ્યાલ કરવો. તેમનું અયોગ્ય કહેવું હોય તો પણ તેમનું કદિ અપમાન કરવું ન જોઇએ.

૫૩. માણસો સાથે જેમ સ્નેહભાવ અને સભ્યતાથી વર્તવાની જરૂર છે તેમ બીજા પ્રાણી ઉપર પણ તમારે માયાળુપણે વર્તવું જોઇએ. નાનાં પ્રાણીઓ પર નિર્દયપણે વર્તવાની ટેવથી તેઓને કેવું દુઃખ પ્રાપ્ત થતું હશે ?

૫૪. બીજા માણસની બરોબરી કરવાની બે રીત છે. એક પ્રકાર એ છે કે ઉદ્યોગને આગ્રહવડે તેની સ્થિતિએ પહોચવાને ઇચ્છવું, અને બીજો એથી વિરૂદ્ધ એ છે જે પોતાથી ઉંચે ચડેલાને પહોચવા માટે પોતે ચડવાનો પ્રયત્ન કરવાને બદલે તેને પોતાની બરોબર કરવાને અથવા પોતાથી પણ નીચો પાડવાને ઇચ્છવું. પ્રથમની ઇચ્છાને **સ્પર્ધા** કહે છે તે સારી છે. બીજી ઇચ્છા **ઇર્ષ્યા** કહેવાય છે તે નઠારી છે.

૫૫. બીજાના દુઃખથી રાજી થવું એ જેમ પાપ છે, તેમ બીજાના સુખને સહન નહિ કરવું એ પણ મ્હોટું પાપ છે.

૫૬. તમે ક્રોધના આવેશને આધીન છો એમ જણાય તો તમારે તમારા મનમાં એટલો તો નિર્ણય કરવો કે જ્યાં સુધી આવેશ રહે ત્યાં સુધી એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ. ક્રોધ પણ ગાંડપણજ છે.ક્રોધ અને ગાંડપણમાં અંતર માત્ર એટલોજ છે કે પહેલો થોડો કાળ રહે છે અને બીજું ઘણો કાળ રહે છે. ક્રોધનો જય કરવા માટે પૂર્વપુરૂષોનાં સચ્ચરિત્રોનું અનુકરણ કરવું અને ક્ષમારૂપી કુહાડીથી તેનો નાશ કરવો.

૫૭. ગાળ દેનારને ગાળ આપવી એ વાતને તમે ન્યાય માનતા હો તો ભલે, પણ હું ધારૂં છું કે ગાળ સાંભળીને શાંતિ (ધીરજ) પકડી ચાલી જનાર માણસ ન્યાયાધીશ કરતાં પણ વધારે સરસ દંડ દેનારો થાય છે. કેમકે ગાળ આપનાર એથી વધારે લજ્જા પામી પસ્તાવો કરે છે. ક્રોધ સામે ક્રોધ અને ગાળ સામે ગાળ આપવી એમાં બન્ને પક્ષની સરખીજ કિમ્મત થાય છે. નઠારો માણસ નઠારાપણું બતાવે ત્યારે સજ્જને સારાપણું શામાટે નહિ બતાવવું ?

૫૮. એક જૂઠાણું બીજાં અનેક જૂઠાણાંને ઉભાં કરે છે. એક પાપકર્મ બીજાં અનેક પાપકર્મો કરાવે છે. કેમકે પાપી માણસને પોતાનું એક પાપ ઢાંકવા જતાં બીજાં પાપ કરવાંજ પડેછે. માટે વધારે શ્રેષ્ઠ રસ્તો એજ છે કે માણસે અસત્ય–પાપને રસ્તે પ્રથમથીજ ચડવું નહિ.

૫૯. લોકો એમ ધારે છે કે માત્ર બોલવાથી શું થયું? પણ વાણીથી જગત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વશ થાય છે અને વાણીથીજ વિશ્વ વૈરી થાય છે. તમારે તમારી વાણીને વશ રાખવી જોઈએ. ઘણાં માણસો વર્તનમાં સીધાં અને સારાં હોય છે, તથાપિ તેમની વાણી કાંઈક વાંકી અને કઠોર હોવાથી તેઓ અળખામણાં થઇ પડે છે.

૬૦. માણસને જીભ એક અને કાન બે હોય છે. તેનું સમાધાન આ પ્રસંગે કરવાથી એમ કરીએ કે " થોડું બોલવાને જીભ એક છે અને ઘણું સાંભળવાને કાન બે છે. " ન બોલ્યામાં નવ ગુણ " તે પણ મનન કરવા જેવું છે. જેમ તેમ લવારી કરવી તેથી ટકાના ત્રણ શેરમાં ખપવા જેવું થાય છે.

૬૧. આ પોતાનું અને આ પારકું એવી ગણના કરવી એ હલકા મનના પુરૂષોનું કામ છે. ઉદાર ચરિત્રવાળાઓને મન તો આખી પૃથ્વી કુટુંબ તુલ્ય છે. ભિન્નતાનો અભાવ એજ ઉદારતા છે. પોતાનો ખજાનો ખાલી કરી દેવામાંજ ઉદારતાનો મર્મ રહેલો છે એમ નથી, પણ પોતાના અધિકારનો ને મ્હોટાઇનો ગર્વ નહિ રાખતાં નાનાં મોટાં, ઊંચાં નીચાં ( ગરીબ યા તવંગર ) સોના ઉપર સમાનભાવ રાખવો, એનું નામ ખરી ઉદારતા છે.

૬૨. જે કૃત્યો કરવાથી પોતાને લાભ થાય તે બધાં કૃત્યો સારાંજ છે, એવું માનનારાએ ઘણા માણસો મળે છે; પરંતુ પારકી હાનિમાં પોતાની હાનિનો પરિણામે ભિસો રહેલોજ છે, એ વાત લોકો સમજી શકતા નથી. વળી એકના હિતમાટે ઘણાનું અહિત કરવું એ શું નીતિ છે ? કાયદો ભલે શિક્ષા ન કરે પણ જેથી જનસમુદાયને હાનિ પહોચે તે અનીતિજ છે.

૬૩. "એ તો એમજ ચાલે, શું કરીએ, સંસારી થયા, સંસારમાં સાચું નભતું નથી." આવાં આવાં વચનો બોલીને કેટલાએક પોતાના પાપાચરણનો બચાવ કરે છે; પરંતુ એમ બચાવ કરવો તે કાયરનું કામ છે. શું નીતિને રસ્તે ચાલવામાં સંસારી લોકોને અડચણ આવે છે? નહિજ. **નીતિમાં સુખ** એજ નિયમ અને દુઃખ તો માત્ર અપવાદ છે.

૬૪. નીતિનિપુણ પુરૂષો ભલે નિંદા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ વા ચાલી જાઓ, મૃત્યુ ભલે આજ આવો કે કાલે આવો, પણ ધીરપુરૂષો ન્યાયના માર્ગથી મેરૂની પેરે કદિ ચલિત થતા નથી. સુવર્ણ જેમ તપાવીને [illegible] કરે છે, તેવીજ રીતે ન્યાયી પુરૂષો સંકટો ( સેંકડોગમે )થી કસોટી [illegible] જગતને **સત્યનો જય** પ્રત્યક્ષ બતાવે છે.

૬૫. સારા પિતા થવું હોય તો દશરથનું દષ્ટાંત લેજો, પુત્ર થવું હોય તો રામચંદ્રનું સ્મરણ કરજો, બંધુ બનવાને ભરત તથા લક્ષ્મણને લક્ષમાં રાખજો, પતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવું હોય તો **રામ** ને સતી થવું હોય તો **સીતાનું** સ્મરણ કરજો, અને ખરા સેવક થવું હોય તો **હનુમાનનું** દૃષ્ટાંત લેજો.

૬૬. આગ્રહ અને દુરાગ્રહમાં ઘણો અંતર છે. એક સદ્‌ગુણ છે, બીજો દુર્ગુણ છે. સારાં કામ કરવાનો હઠ પકડવો તે આગ્રહ અને નઠારૂં કામ કરવાનો હઠ પકડવો તેજ દુરાગ્રહ (કદાગ્રહ). સારાં કામને સો વિઘ્ન આવેછે (**श्रेयांसि शतानि विघ्नानि**) તથાપિ પ્રયત્નવડે વિઘ્ન માત્ર દૂર થઈ શકે છે.

૬૭. એક સારૂં કામ આરંભ્યા પછી તે કામ આગ્રહથી પાર પાડવું જોઇએ. નબળા લોકો વિઘ્નના ભયથી કોઇ કામનો આરંભજ કરતા નથી ( જેમ કાયર પુરૂષો વ્રત પચ્ચખ્ખાણ નિયમ લેવા માટે પ્રથમથીજ ભય પામી આરંભ કરી શકતા નથી. તોપણ આવા કર્માધીન જીવો વ્યાપારાદિ કરવામાં કમર કસીને આગેવાન બની જાય છે તે આશ્ચર્ય છે! ); મધ્યમ વર્ગના લોકો કામ આરંભ્યા પછી વિઘ્નોને લીધે પડતું મુકી દે છે ( જેમ કોઇ પુરૂષ દેશવિરતિ યા સર્વવિરતિ કે કોઈ પણ નિયમ લઈને સ્વચ્છંદબુદ્ધિથી યા વિઘ્ન સંકટ આવ્યેથી કે પ્રમાદથી વિરાધી નાંખે છે અને દુર્ગતિના ભાગી થાય છે ); પણ ઉત્તમ પુરૂષો ક્રોડોગમે વિઘ્નો આવ્યાં છતાં પણ લીધેલું કામ સિદ્ધ કર્યા વિના છોડતા નથી. ( વંકચૂલ કુમાર જેમ પ્રાણાંત કષ્ટ પ્રાપ્ત થયા છતાં પણ કાગડાના માંસના લીધેલ નિયમમાં કિંચિત્ ચલાયમાન નહિ થયા,તેવી રીતે અનેક વીરરત્નોએ ધૈર્યપણું ધારી સ્વહિત સાધ્યું છે. )

૬૮ પરસ્પર ભ્રાતૃભાવથી વર્તવું; મૈત્રીભાવનાને હૃદયમાં ચિંતવનાર પુરૂષ સર્વ જીવો સાથે મૈત્રીભાવથી વર્તી સ્વહિત પ્રાપ્ત કરે છે.

૬૯ વ્યાધિઓ–દુઃખોની ઉત્પત્તિને ઇશ્વરી કોપ અથવા અન્ય પુરૂષપર આરોપનું કારણ આપવા કરતાં તમારે તેને તમારાજ પૂર્વકર્મનું ફળ (વિપાક) માનવું જોઇએ. પૂર્વભવોને વિષે અન્ય જીવોની હિંસા કરવામાં રક્તપણે વર્તતાં કાંઈ વિચાર નહિ કર્યો; તો હવે મિથ્યા આર્ત રૌદ્ર ધ્યાન કરવા કરતાં સમતા ભાવે સહન કરી ફરી નવો બંધ ન થાય તે ઉપાયજ ઉત્તમ છે. **बंध समय चित्त चेतीये,शो उदये संताप.**

૭૦ મિતાહાર એ શારીરિક સુખની સર્વોત્તમ કુંચી છે. અત્યાહાર માણસના શરીરની પાયમાલી કરે છે. માદક પદાર્થો મનને તથા બુદ્ધિને બગાડવાવાળા છે.

૭૧ તમારે તનદુરસ્ત થવું હોય તો તમે નિયમી, નિગ્રહી અને નીતિવાળા થાઓ, નીતિવાળા થવુ હોય તો તમે સારા–ભલા થાઓ, સારા થવા ઇચ્છતા હો તો ડાહ્યા થાઓ અને ડાહ્યા થવાને ઇચ્છતા હો તો પવિત્ર અને પરમ ભક્ત થાઓ.

૭૨ જુવાની, લક્ષ્મી, અધિકાર અને અવિવેક એ એક એક પણ અનર્થનું મૂળ છે; ત્યારે એ ચારેનો વાસ હોય ત્યાં કેટલો બધો અનર્થ થતો હશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૩ રીતભાત અથવા સભ્યતા નિરૂપયોગી નથી પણ તે ખાનદાન અને વફાદાર મનનું ફળ છે.

૭૪ થોડું પણ સત્કાર્ય ઘણા જ્ઞાનની કિમ્મત બરોબર છે.

૭૫ આરોગ્યતાના નિયમોનું ઉલ્લંઘન કરવું એ પણ શારીરિક દોષ છે, તેથી અનશન (ઉપવાસ), ઉણોદરી (ભૂખ કરતાં ચાર પાંચ કવલ ઉણા ખાવા) વગેરે અવશ્ય કરવા યોગ્ય છે.

૭૬ એક બાળક ભવિષ્યમાં સારી કે નઠારી વર્તણુકનું નીવડવું તે તેની માતાના શિક્ષણ ઉપર આધાર રાખે છે.

૭૭ સારા આચરણથી પોતાના પિતાને જે પ્રસન્ન કરે તેજ પુત્ર અને જે પોતાના પતિનું હિત ઇચ્છે તેજ સ્ત્રી, દુઃખ તથા સુખ વખતે એક રહેણીથી વર્તે તેજ મિત્ર; જગત્‌માં પુણ્યવંતનેજ એ ત્રણ મળે છે.

૭૮ પાપનું નિવારણ કરે, લાભ થવાનો રસ્તો બતાવે, છાની વાતને ગુપ્ત રાખે, ગુણોને પ્રસિદ્ધ કરે, દુઃખમાં ફસાયેલ હોય તો પણ છોડીને ચાલ્યો ન જાય, જરૂર પડે તો દ્રવ્ય પણ આપે—એ સારા મિત્રોનું લક્ષણ છે: બાકી સ્વાર્થી મિત્રો તો ઠામ ઠામ જોવામાં આવે છે. જુઓ કે અભયકુમાર મંત્રીએ પોતાનો મિત્ર આર્દ્રકુમાર અનાર્ય દેશમાં હોવાથી તેના હિત અર્થે પ્રતિમાજી મોકલીને પણ તેને પ્રતિબોધ કર્યો. તેજ સાચા મિત્રો જાણવા કે જે ભવનો નિસ્તાર કરાવે.

૭૯ સહુ કોઇ સુખને વાંછે છે. પણ તે પ્રાપ્ત કરવા વિરલા રત્નજ તેની ખોજ કરે છે. ખરૂં સુખ ઇષ્ટ છે તો પ્રમાદનો ત્યાગ કરી ધર્મકાર્યને વિષે શીઘ્ર પરાયણ થાઓ. કાલ કરવું ધાર્યું હોય તે આજેજ—હમણાં કરો, નહિતર કરશું કરશું કરીને કાળને વશ થઇ જઇ મનુષ્યજન્મ હારી જશો. અન્ય દર્શનમાં થયેલ ભર્તૃહરિ પણ કહે છે કે—

અહો કેટલું આપ આયુષ્ય ધારો,
ગયું અર્ધ તો રાતથી તે વિચારો;
ગયું ભાગ પા બાલ્યમાં ખેલ ખેલી,
ગયું શેષ તો વૃદ્ધ કાયા ખડેલી. ૧.

વળી ઉપજે રોગ ચિંતા અનેકો,
ઉમેરો કરી સુખનો વાંક લેખો;
ઘણી માનસી આધિઓ ને ઉપાધિ,
કહો તેહમાં સુખ ક્યાંથી સમાધિ? ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી કહે છે—

**નથી રાચતો રાજલક્ષ્મીથી કાંઈ,**
**નથી દેખતો સુખ સંસાર માંહી;**
**ભલે વિષયો ભોગવો દીર્ઘ કાળ,**
**થશે તે પરિણામમાં દુઃખ જવાળ. ૩.**

... ... ... ... ... ...

**છે ભોગ વિષય બધો નકી રે જવાનો,**
**તેનો વિયોગ દિન એક નકી થવાનો;**
**સ્વતઃ જતાં મન અતિ પરિતાપ વ્યાપે,**
**હાથે કરી તજી જતાં સુખ શાંતિ આપે. ૧**

૮૦ ચીનનો એક ડાહ્યો બાદશાહ બોલ્યો હતો કે "જો કોઇ માણસ કામ કરે અથવા કોઈ સ્ત્રી આળસુ રહે તો મારી બાદશાહીમાં તેને લીધે એક બીજા મ ણસને ભુખે મરવું પડે."

૮૧ રોમના સેન્સર કેટોએ કહ્યું કે "મારી જીંદગીમાં માત્ર ત્રણ કૃત્યોને માટે મને પસ્તાવો થાય છે. ૧ મારી સ્ત્રીને મેં એકવાર ગુપ્ત વાત કહી હતી; ૨ પગરસ્ જઈ શકાતું હતું છતાં એકવાર જળમાર્ગે ગયો હતો; ૩ કંઈ પણ કામ કર્યા ્ ગર મેં એક દિવસ ગુમાવ્યો હતો."

૮૨ સજ્જન પુરૂષોનો કાળ વિદ્યા કળાનો અભ્યાસ કરવામાં, આત્િ લાભ માટે ઉદ્યમ કરવામાં, પરમાર્થ કરવામાં અને આત્મ સંપત્તિ પ્રાપ્ત કરવા: જાય છેઃ જ્યારે મૂર્ખ પુરૂષોનો કાળ પારકી નિંદા કરવામાં, ગામગપાટા ( ચાર : કારની વિકથા ) મારવામાં, અનર્થ દંડમાં, ક્લેશાદિ કરવામાં અને પ્રમાદીપણે રહે વામાં જાય છે, અને તેમ કરીને તેઓ અધોગતિને આધીન થાય છે.

૮૩ ફ્રેંચ લોકો સ્વતંત્રતાનું મોટું કારણ ત્રણ શબ્દોની ટુંકી કહેવતર બતાવે છે " Vivre depen " કુરકસરથી રહેવું To live upon little.

૮૪ પોશાક બને તેટલો સાદો રાખવો; વ્યવહારિક ખર્ચ સિવાય મોટા ખ: કરવા નહિ.

૮૫ નિરંતર પરોપકાર કરવો. " **કુંજર સુખસે કણ ગીરા, ખુટા વાકા આહાર; કીડી કણકો લે ચલી, પોષણ નિજ પરિવાર.** "

૮૬ ગરીબી ગણાવાની શરમ રાખવી નહિં. ગરીબની તેની ગરીબાઈ મા નિંદા નહિ કરવી અને તવંગરને તેના તવંગરપણા માટે માન નહિ આપવું. સર દ્રષ્ટિ રાખવી. " **રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ માને; તે જગ મેં જોગીસર પૂરા, નિત્ય ચડતે ગુણઠાણે.** " ( ચિદાનંદજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૭ મોજશોખ કરવો નહિ, વ્યર્થ ખર્ચો કરવા નહીં, કરકસર કરવી, કંજુસાઈ ન કરવી, કરજ નહિ કરવું ( ઉધાર માલ લેવો તે કરજ જેવુંજ છે), આવકને અનુસારે પોતાનું ખર્ચ રાખવું, પ્રમાણિકપણે વર્તવું તથા વ્યવહાર ચોખ્ખો રાખવો.

૮૮ દ્રવ્યાદિ સાધનોનો સંગ્રહ કરી તેનો ઉપયોગ પરોપકારના પુણ્યરૂપ કાર્યોમાં કરો, જેથી તમારા જીવિતનું અને કરેલા શ્રમનું સાફલ્ય થાય.

૮૯ સ્ત્રીની યોગ્યતા—૧ પવિત્રતા, ૨ ગંભીરપણું, ૩ ઉદ્યમ, ૪ કરકસર, ૫ સ્વચ્છતા, ૬ ગૃહકાર્યનું જ્ઞાન, ૮ સારો સ્વભાવ ( ક્ષમા ) અને ૯ સૌંદર્ય એટલાં છે. સારી સ્ત્રીઓમાં ઉપરનાં લક્ષણો હોવાં જોઇએ.

૯૦ વેશ્યાઓ કદિ પણ ખરો પ્યાર કરતીજ નથી; તેમનો પ્યાર પશુવત્ છે. માટે શાંત અને ગંભીર સ્વભાવવાળી કુલીન સ્ત્રીને પરણવું યોગ્ય છે.

૯૧ સ્ત્રીએ વહેલા ઉઠવાની ટેવ પાડવી; સારૂં કામ કરે તે સ્ત્રીને સ્વરૂપવાન જાણવી.

૯૨ ઇંગ્લાંડમાં જો કોઇ પુરૂષના કપડા ઉપર જરા ડાઘ પડેલો જોવામાં આવે તો તે પુરૂષની સ્ત્રીની ટીકા થાય છે.

૯૩ સ્ત્રીની પ્રશંસા કરવી નહિ તેમજ તેને ખોટો પ્યાર બતાવવો નહિ; તેની સાથે ઝગડો પણ કરવો નહીં.

૯૪ પુરૂષે એક પત્નીવ્રત પાળવું.

૯૫ બુદ્ધિવાન પુરૂષે પોતાની સ્ત્રીને કદિ પરાયા રક્ષણમાં સોંપવી નહિ.

૯૬ ગરીબીમાં પણ પુણિયા શ્રાવકની જેમ સંતોષ ધરી આનંદ માનવો:—

" The happy low lies down
unhappy he wears the crown. "

નવનીધિ કદી હોય પણ, દશમો નિધિ વિવેક;
જો તે હોય નહિ કદી, તો મૂરખ જન છેક.
વસ્તુ ન રહે પાત્ર વિન, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

૯૭ શ્રાવકો વ્યવહારકુશળ, નિપુણ, મતિમાન, ગાંભિર્યાદિ ગુણોએ કરી સહેલ તથા માર્ગાનુસારીપણાના ગુણો પ્રાપ્ત કરવામાં ઉજમાળ હોવા જોઇએ. આપણું સર્વને તેજ ઇચ્છવા યોગ્ય છે; અને તેની પ્રાપ્તિ થાઓ કે જેના વડે બોધિબીજ ( સમ્યક્ત્વ રત્ન )નો અપૂર્વ લાભ હાંસલ થાય. આ ભવ તથા પરભવને વિષે આપણને બોધિબીજની પ્રાપ્તિ હો કે તેના વડે આપણે અનુક્રમે અજરામર સુખ પામીએ ! જૈનશાસનનો જયજયકાર હો !

પ્રાણલાલ મંગળજી.
કલકત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાઇશ્રી ત્રિભુવનદાસ ભાણજીની પાછળ કરેલો શુભનિમિત્તમાં વ્યય તથા તેમની યાદગિરિ કાયમ રાખવાનો શરૂ કરેલો પ્રયત્ન.

મરહુમ ભાઈશ્રી ત્રિભુવનદાસની પાછળ લોકરિવાજને અનુસરીને કારજ ( દાડો ) વિગેરે કરવાના અઘટિત રિવાજને તદ્દન જળાંજળિ આપવામાં આવી હતી; પરંતુ સ્નાત્ર ને આંગીપૂજાદિ કરવા માટે મુકરર કરવામાં આવેલી તિથિએ નીચે જણાવેલાં કાર્યો પરત્વે રૂ ૧૦૦૦)ની રકમ તેમના લઘુબંધુ નરોત્તમદાસે રોકડ આપી દીધી છે.

૧૫૧) ભાઇ ત્રિભુવનદાસની મરણતિથિએ તેના વ્યાજમાં આંગી કરવામાં
૧૫૧) પાંજરાપોળમાં કપાસીઆ વિગેરેમાં.
૧૨૫) મરણતિથિએ માછલાની જાળ છોડાવવામાં.
૧૩૧) નિરાશ્રિત બંધુઓને તાત્કાલિક વહેંચી દેવામાં.
૫૧) શ્રી સિદ્ધાચળ તળાટી ખાતામાં.
૫૧) ગરીબ સ્થિતિની જૈન કન્યાઓને અભ્યાસ કરવાની બુકો અપાવવામાં
૫૧) પરચુરણ ગામોમાં પારેવાની જારમાં.
૨૫) જૈન વિદ્યાશાળામાં ઇનામ આપવામાં.
૨૫) મુનિરાજને પુસ્તક લખાવી આપવામાં.
૨૫) સાધુ સાધ્વીને ઔષધાદિ નિમિત્તે ઉપષ્ટંભ આપવામાં.
૧૪) સાત ક્ષેત્રમાં.
૨૦૦) સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમમાં પુસ્તકાલય માટે.

આ શિવાય બીજી રકમ પણ વાપરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે નીચે પ્રમાણે—

૫૦૦) મરણતિથિએ ભાવનગર જૈન કન્યાશાળાની કન્યાઓને જમાડવામાં.
૫૦૦) મરણતિથિએ સિદ્ધક્ષેત્ર બાળાશ્રમના બાળકોને જમાડવા બાબતમાં.

ભાઈ શ્રી ત્રિભુવનદાસ જેવા જૈન વર્ગમાં આગેવાન, નીડર, સાહસિક અને ધાર્મિક વૃત્તિવાળા બંધુની યાદગિરિ કાયમ રાખવા માટે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની મીટીંગ મળી હતી, અને તેની અંદર એ કાર્યને ખાસ કર્ત્તવ્ય તરીકે સમજી **ભાઇ ત્રિભુવનદાસ ભાણજી સ્મારક ફંડ** ખોલવામાં આવ્યું છે. તે ફંડની અંદર તરતમાં કેટલીક રકમ ભરાયા બાદ બહારગામ કેટલાએક ગૃહસ્થો ઉપર પત્રો લખતાં કેટલીક રકમ લખાઈ આવી છે, બીજી આવવાની છે. અત્યારસુધી ભરાયેલી રકમનું એકંદર લીસ્ટ હવે પછી પ્રગટ કરવામાં આવશે.

For Private And Personal Use Only

આ સ્મારક ફંડ સંબંધી પ્રયત્ન કરવા માટે એક કમીટી દશ ગૃહસ્થોની નીમવામાં આવી છે. તેમના તરફથી પ્રયત્ન શરૂ છે. ફંડનો ઉપયોગ શો કરવો તે ફંડ થઇ રહ્યા બાદ રકમના પ્રમાણમાં મુકરર કરવાનું ઠરાવ્યું છે. દરેક ઉદાર ગૃહસ્થે આવા સ્મારક ફંડ તરફ હાથ લંબાવવાની ખાસ જરૂર છે.

---

# ટુંકાં ટુંકાં વાક્યો.

( લેખક પં. આણંદસાગરજી )

કોઇ પણ જીવને મારવો નહિં.
ઇંદ્રિયોને છુટી મુકવી નહિં.
સદા સાચું બોલવું.
જ્ઞાન મેળવવામાં અખંડ ઉદ્યમ કરવો.
દુષ્ટ મનુષ્યનો સંગ કરવો નહિં.
માતાપિતા ને ગુરૂમહારાજનું વચન
ઉલ્લંઘવું નહિં.
મન વચન ને કાયા ચપલ રાખવાં નહિં.
ઉદ્ભટ તથા મલીન વેષ પહેરવો નહિં.
કુદ્રષ્ટિએ દેખવું નહિં.
દુર્જનથી દૂર રહેવું.
ગુણ દોષ વિચારીનેજ બોલવું.
સર્વની હિત થાય તેવુંજ કાર્ય કરવું.
કોઇની મર્યાદા લોપવી નહિં.
કોઇને પણ મર્મનાં વચન કહેવાં નહિં.
કોઇને પણ કલંક ચડાવવું નહિં.
તિરસ્કાર કરવો નહિં,
ક્રોધાગ્નિ ઓલાવવું.
બીજાનો ઉપકાર કરવા તત્પર રહેવું.
આપણને કરેલો ઉપકાર ભુલવો નહિં.

દુઃખીને આશ્વાસન આપવું.
કોઇની પાસે પ્રાર્થના કરવી નહિં.
કોઇની પ્રાર્થનાનો ભંગ કરવો નહિં.
હીનતાનાં વચન બોલવાં નહિં.
વિનયથી બોલવું.
આત્માની પ્રશંસા કરવી નહિં.
દુર્જનની પણ નિંદા કરવી નહિં.
ઘણું અને ઘણીવાર હસવું નહિં.
શત્રુનો વિશ્વાસ કરવો નહિં.
વિશ્વાસવાળાનો દ્રોહ કરવો નહિં.
કરેલા ગુણનો બદલો વાળવો.
સારા ગુણવાળા ઉપર રાગ ધરવો,
સ્નેહરહિતમાં રાગ કરવો નહિં.
પાત્રની પરીક્ષા કરવી.
અકાર્ય કોઇ દિન કરવું નહિં.
પોતાની નિંદા થાય તેવું કરવું નહિં.
ધીરજતા છોડવી નહિં.
દુઃખ પડતાં મુંઝાવું નહિં.
પોતાની હદ કોઇ દહાડો છોડવી નહિં.
યથાશક્તિ જરૂર દાન દેવું.